અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ માર્ચ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૯ | અંક : ૨૪૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સંઘપ્રદેશમાં કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## પીએમ મોદીના હસ્તે નમો હોસ્પિટલ સહિત ૨૫૮૭ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

### અમારી સરકારે તમારા ભરોસાને શક્તિમાં પરિવર્તિત કર્યો છે અને આજે આપણું સેલવાસા આ પ્રદેશ આધુનિક ઓળખ સાથે ઉભરી રહ્યો છે : મોદી



#### ફિટ રહેવા માટે આપણે બધાએ ખાવાના તેલમાં ૧૦ ટકાનો કાપ મુકવો જોઈએ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ૪૫૦ બેડની વધુ એક હોસ્પિટલનું લોકાર્પણ કરતા કહ્યું કે, આ વિસ્તારના આદિવાસી સમુદાયને આધુનિક સારવારનો લાભ મળશે. તેમણે કહ્યું કે, આવનારા વર્ષમાં દેશમાં વધુ ૨૫૦૦૦ જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવશે. જન ઔષધિ કેન્દ્રમાંથી ૬૫૦૦ કરોડની દવાઓ જરૂરીયાતવાળા દર્દીઓને સસ્તી આપવામાં આવી છે. જન ઔષધિ કેન્દ્ર માટે અમારી સરકારનુ સૂત્ર છે, સસ્તા ઈલાજની ગેરંટી. કિંમત કમ, દવામાં દમ. જનઔષધિ કેન્દ્રમાથી અપાતી દવાઓને કારણે દેશના ગરીબ અને મધ્યમવર્ગના લોકોના ૩૦,૦૦૦ કરોડની બચત થવા પામી છે. અમારી સરકાર સારી હોસ્પિટલ બાંધી રહી છે જેમાં આધુનિક સારવાર આપવામા આવી રહી છે. આયુષ્યમાન કાર્ડ હેઠળ લોકોને મફત સારવાર આપવામાં આવી રહી છે અને જનઔષધિ કેન્દ્રમાં સસ્તી દવા આપવામાં આવી રહી છે.

। (એજન્સી) સેલવાસ, તા.૭ ।

વડાપ્રધાન ફરી એકવાર વતનના પ્રવાસે આવ્યા છે. વડાપ્રધાન મોદી આજે દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. જેઓ સુરત એરપોર્ટ પર પહોંચતા કેન્દ્રીય જલ મંત્રી અને પ્રદેશ પ્રમુખ પાટીલ સહિતના આગેવાનોએ તેમને આવકાર્યા હતા. જ્યાંથી તેઓ હેલીકોપ્ટર મારફત સેલવાસ પહોંચ્યા હતા. ત્યાં ૪૫૦ બેડની નમો હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. સાથો સાથ રોડ શો યોજી લોકોનું અભિવાનદ ઝીલ્યું હતું. સેલવાસમાઁ સ્ મોદીએ જાહેરસભાને સંબોધન કરી સંઘપ્રદેશને હજાર કરોડના વિકાસ કામોની ભેંટ આપી છે. દમણ, દીવ અને દાદરા નગર હવેલીના રૂપિયા ૨૫૮૭ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ''અમારી સરકારે તમારા ભરોસાને શક્તિમાં પરિવર્તિત કર્યો છે અને આજે આપણું સેલવાસા આ પ્રદેશ એક આધુનિક ઓળખ સાથે ઉભરી રહ્યો છે. સેલવાસા એક એવો પ્રદેશ બની ગયો છે જ્યાં દરેક પ્રકારના લોકો વસી રહ્યા છે. દાદાનગર હવેલીમાં નવા અવસરોનો વિકાસ થયો છે. આ વિકાસ અભિયાન હેઠળ ૨૫૦૦ કરોડ રૂપિયાથી વધુની પરિયોજના ખાતમૂહુર્ત કર્યુ છે'' વધુમાં કહ્યું કે, ''અહીં તો વિદેશ એ નાર્મલ બાબત છે. તમે સિંગાપોર જતા હશો. સિંગાપોર એક જમાનામાં માછીમારોનું નાનું ગામ હતું. ખૂબ ટૂંકા ગાળામાં ત્યાંના લોકોની સંકલ્પ શક્તિએ સિંગાપોર બનાવી દીધું. જો સંઘપ્રદેશ પણ અહીંનો દરેક નાગરિક નક્કી કરે તો હું તમારી સાથે ઉભો રહેવા તૈયાર છું. દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ અમારા માટે ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશ નથી. આ સંઘપ્રદેશ અમારું ગર્વ છે અને વિરાસત પણ છે. અમે આ પ્રદેશને એક એવું મોડલ સ્ટેટ બનાવી રહ્યા છીએ'' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંગાપુરનો દાખલો આપતા કહ્યું કે, એક સમયે સિંગાપુર માછીમારોનું ગામ હતું. પરંતુ ત્યાના લોકોના સંકલ્પને કારણે આજનું સિંગાપર આપણે સૌ જોઈએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ લોકોને કહ્યું કે, તમે પણ સિલવાસાને સિગાપુર જેવુ બનાવવા માટે, સિગાપુરના લોકો જેવો સંકલ્પ કરો તો હુ તમારી સાથે ઊભો રહીશ, પરંતુ સંકલ્પને સાચો કરવા તમારે પ્રયાસ કરવો પડશે. તમે પણ સિલવાસાને સિંગાપુર જેવુ બનાવી શકો છો.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાદરા અને નગર હવેલીના સિલવાસા અને દમણ અને દીવ ખાતે બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાને મોટો ઝટકો

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

૨૦૦૮ના મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાને યુએસ સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. ભારત પ્રત્યાર્પણ પર રોક લગાવવાની તેની અરજી ફગાવી દેવામાં આવી છે. જજ એલેના કાગને તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણ પર રોક લગાવવાની અરજી ફગાવી દીધી હતી. ૨૬/૧૧ મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાએ ભારતને પ્રત્યાર્પણ ટાળવા માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો. રાણાએ યુએસ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને તેના પ્રત્યાર્પણ પર ઈમરજન્સી સ્ટે માંગી હતી. અરજીમાં તહવ્વુર રાણાએ કહ્યું હતું કે જો મને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે તો મને ત્રાસ આપવામાં આવશે.

### કાર્યવાહી કરો, તમને કોણે રોક્યા છે? : ઓમર અબ્દુલ્લા

। (એજન્સી) શ્રીનગર, તા.૭ ।


જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે વિદેશ મંત્રી એસ જયશંકરના પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અંગેના નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી. જયશંકરે કહ્યું હતું કે જો પાકિસ્તાન PoKમાંથી હટી જશે તો કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવી જશે. વિધાનસભામાં, અબ્દુલ્લાએ જયશંકરના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપી અને પૂછ્યું, તમને કોણે રોક્યા? મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારને પડકાર ફેંક્યો કે જો તેની પાસે PoK પર ફરીથી દાવો કરવાની ક્ષમતા હોય તો તે આ દિશામાં પગલાં લે. તેમણે કહ્યું, શું અમે તેમને ક્યારેય રોક્યા હતા? તેઓ હાજી પીર પાસને લઈને કોંગ્રેસની ટીકા કરે છે, પરંતુ કારગિલ યુદ્ધ દરમિયાન તેમની પાસે તેને પાછું લાવવાનો મોકો હતો. પરંતુ તેઓ તેમ કરી શક્યા ન હતા. જો તેઓ તેને પાછું લાવી શકતા હોય તો તેઓએ હવે આમ કરવું જોઈએ. આ મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં અબ્દુલ્લાએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનના નિયંત્રણમાં છે, જ્યારે બીજો ભાગ ચીનના નિયંત્રણમાં છે.

### સેન્સેક્સ અને નિફ્ટી ફ્લેટ બંધ

## સેન્સેક્સ ૭.૫૧ પોઈન્ટ ઘટીને ૭૪,૩૩૨.૫૮ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

સપ્તાહના છેલ્લા દિવસે ભારતીય શેરબજારની શરૂઆત સપાટ રહી. શુક્રવારે કારોબાર શરૂ થયા પછી બજારમાં ઘણી અસ્થિરતા જોવા મળી. આ સમયગાળા દરમિયાન બજાર ઘણી વખત લીલાથી લાલ અને લાલથી લીલા નિશાન તરફ ગયું. જોકે, લાંબા સમય સુધી ગ્રીન ઝોનમાં રહેવા છતાં, ભારતીય બજાર રેડ ઝોનમાં સમાપ્ત થયું અને ફ્લેટ બંધ થયું. આજે BSE સેન્સેક્સ ૭.૫૧ પોઈન્ટ (૦.૦૧%) ઘટીને ૭૪,૩૩૨.૫૮ પર બંધ થયો. જ્યારે NSEનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૭.૮૦ પોઈન્ટ (૦.૦૩%) ના નજીવા વધારા સાથે ૨૨,૫૫૨.૫૦ પોઈન્ટ પર બંધ



થયો. તમને જણાવી દઈએ કે બુધવાર પછી ગુરુવારે પણ બજાર સારા વધારા સાથે બંધ થયું હતું. આ બે દિવસમાં રિકવરીમાં સેન્સેક્સે ૧૩૫૦.૧૬ પોઈન્ટનો ઉછાળો નોંધાવ્યો છે અને નિફ્ટી ૫૦ એ ૪૬૨.૦૫ પોઈન્ટનો ઉછાળો નોંધાવ્યો છે.

શુક્રવારે સેન્સેક્સ ૩૦ માંથી ૧૩ કંપનીઓના શેરોમાં વધારા બંધ થયો અને ૧૭ કંપનીઓના શેર નુકસાન સાથે બંધ થયા. ત્યારે બીજી બાજુ નિફ્ટી ૫૦ ની ૫૦ માંથી ૨૦ કંપનીઓના શેરો તેજી સાથે બંધ થઈ અને ૩૦ કંપનીના શેર નુકસાન સાથે બંધ થઈ. આનો અર્થ એવો થાય છે કે બજાર નફા કરતાં નુકસાન વધારે રહ્યું. આજે સેન્સેક્સની કંપનીઓમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ૩.૧૮% વધારા સાથે બંધ થયો. જ્યારે ઝોમેટોના શેર સૌથી વધારે ૩.૮૨% ના ઘટાડા સાથે બંધ થયો.

આ સિવાય આજે સેન્સેક્સ કંપનીઓમાં સામેલ નેસ્લે ઈન્ડિયાના શેર ૧.૬૨%, ટાટા મોટર્સ ૧.૩૬%, અદાણી પોર્ટ્સ ૦.૮૧%, ટાટા સ્ટીલ ૦.૮૦%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૭૭%, કોટક મહિન્દ્રા બેંક ૦.૬૭%, એક્સિસ બેંક ૦.૪૯%, TCS ૦.૩૨%, ભારતી એરટેલ ૦.૨૮%, મારુતિ સુઝુકી ૦.૧૨%, SBI ૦.૧૧% અને એશિયન પેઈન્ટ્સના શેર ૦.૦૯% ના વધારા સાથે બંધ થયા. બીજી તરફ, ઈન્ડસઈન્ડ બેંકના શેર ૩.૫૩%, NTPC ૨.૪૯%, ઈન્ફોસિસ ૧.૬૦%, HCL ટેક ૧.૫૫%, ટાઈટન ૧.૨૮%, પાવર ગ્રીડ ૧.૨૪%, હિન્દુસ્તાન યુનિલિવર ૦.૭૧% ઘટીને બંધ થયા. આ સાથે ટેક મહિન્દ્રા, ITC, લાર્સન એન્ડ ટુબ્રો, સન ફાર્મા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ICICI બેંક, બજાજ ફિનસર્વ, HDFC બેંક અને બજાજ ફાઈનાન્સના શેર પણ નુકસાન સાથે બંધ થયા.

## અમદાવાદ એરપોર્ટ પર નવા ઉડાન યાત્રી કાફેનું ઉદઘાટન

### નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામ મોહન નાયડુએ SVPIએરપોર્ટના ઉડાનયાત્રી કાફેનું ઉદઘાટન કર્યું




। અમદાવાદ, તા.૭ ।

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામ મોહન નાયડુએ આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય (SVPI) એરપોર્ટ પર બહુપ્રતીક્ષિત ઉડાન યાત્રી કાફેનું ઉદ્ઘાટન કર્યું હતું. દેશભરના એરપોર્ટ પર મુસાફરોની સુવિધાઓ વધારવાની સરકારની પહેલમાં તે મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

ટર્મિનલ ૧ ના ચેક-ઈન હોલમાં સ્થિત નવું ઉડાન યાત્રી કાફે મુસાફરોને ૧૦ રૂપિયાથી શરૂ થતા નાસ્તાની સુવિધા પ્રદાન કરશે. ઉડાન યાત્રી કાફેનો ઉદ્દેશ્ય મુસાફરોને એરપોર્ટ પર ભોજન વધુ સસ્તું બનાવવા વ્યાજબી ભાવે ગુણવત્તાયુક્ત ખોરાક પૂરો પાડવાનો છે. કાફેનો પ્રારંભ એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે. તે હવાઈ મુસાફરીમાં વધુ લોકો માટે એક વ્યવહારુ વિકલ્પની ખાતરી કરે છે. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના ડિરેક્ટર શ્રી જીત અદાણીએ જણાવ્યું હતુ કે "અમદાવાદ એરપોર્ટ પર અમારા મુસાફરોને બજેટ-ફ્રેન્ડલી નાસ્તા અને નાસ્તાની સુવિધા પૂરી પાડનાર ભારતના પ્રથમ ખાનગી એરપોર્ટ બનવાનો અમને આનંદ છે. ભારત સરકારના વિઝનને અનુરૂપ અમે હવાઈ મુસાફરીને સસ્તી અને મુસાફરો માટે સુલભ બનાવવાના મિશનને આગળ વધારવા સક્ષમ છીએ". ઉડાન યાત્રી કાફેના લોન્ચ સાથે અમદાવાદ એરપોર્ટ પર મુસાફરો હવે ઉડાનને વધુ સમાવિષ્ટ બનાવવાના સરકારના મિશન સાથે વ્યાજબી ભાવે ઉચ્ચ-ગુણવત્તાવાળા નાસ્તાનો આનંદ માણી શકે છે.

### ટ્રમ્પની વધુ એક મોટો નિર્ણય લેવાની તૈયારી

## ઘણા દેશોના નાગરિકો પર અમેરિકામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ આવી શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક આકરા પગલાંની જાહેરાત કરી વિશ્વને હચમચાવી રહ્યા છે. ટેરિફ વોર બાદ હવે તેમણે આગામી સપ્તાહથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સહિત ઘણા દેશોના નાગરિકો પર અમેરિકામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકી શકે છે. આ પ્રતિબંધ દેશની સુરક્ષા અને જોખમોને ધ્યાનમાં રાખી લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. આ નવો પ્રતિબંધ અમેરિકામાં શરણાર્થીઓ અને સ્પેશિયલ ઈમિગ્રન્ટ્સ તરીકે વસવાટ કરવાની મંજૂરી ધરાવતા હજારો અફઘાની નાગરિકો પર માઠી અસર કરી શકે છે. અમેરિકામાં પ્રવેશ માટે પ્રતિબંધિત દેશોની યાદીમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન સહિત અન્ય ઘણા દેશો સમાવિષ્ટ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ટ્રમ્પે અગાઉ પોતાના પ્રથમ કાર્યકાળ દરમિયાન ૨૦૧૮માં સાત મુસ્લિમ દેશોના નાગરિકો માટે અમેરિકામાં નો એન્ટ્રી જાહેર કરી હતી. જો કે, બાદમાં બાઈડેને ૨૦૨૧માં આ પ્રતિબંધ દૂર કરતાં કહ્યું હતું કે, 'આ પ્રતિબંધ અમારા દેશની અંતરાત્મા પર એક ધબ્બા સમાન છે.'

### કારોબારીની બેઠક બેંગલૂરૂમાં બોલાવાય એવી શક્યતા

## ભાજપના નવા પ્રમુખની જાહેરાત ૧૫ માર્ચ સુધીમાં થવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખનું નામ ૧૫ માર્ચ સુધીમાં નક્કી થઈ જશે એવો સૂત્રોનો દાવો છે. સૂત્રોએ જણાવ્યું છે કે, ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક ૧૯ અને ૨૦ માર્ચના રોજ બેંગલૂરૂમાં બોલાવાય એવી શક્યતા છે. રાષ્ટ્રીય કારોબારીમાં ભાજપના નવા પ્રમુખની વરણી કરાય પછી નવા પ્રમુખ અને સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધી સભામાં હાજરી આપશે. સૂત્રોનું કહેવું છે કે, સંઘે ભાજપને પ્રતિનિધી સભા પહેલાં નવા પ્રમુખની વરણી કરવા અલ્ટિમેટમ આપ્યું હોવાથી ભાજપનો છૂટકો નથી. આ વરસે નવેમ્બરમાં બિહારમાં વિધાનસભાની ચૂંટણી છે ત્યારે ભાજપની નેતાગીરી સંઘને નારાજ કરવા નથી માગતી તેથી સંઘના અલ્ટિમેટમને માન અપાશે. ભાજપના બંધારણ પ્રમાણે દેશનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ૫૦ ટકામાં સંગઠનની ચૂંટણી પૂરી થઈ જવી જોઈએ. ભારતમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો છે તેથી ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંગઠનની ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ જાય પછી જ ભાજપ નવા પ્રમુખની ચૂંટણી કરી શકે.

### નીતિશ કુમારે વિપક્ષનો ઉધડો લીધો

## તમને કંઈ ખબર નથી, તમારા રાજમાં મહિલાઓ ક્યાં ભણતી હતી

। (એજન્સી) પટણા, તા.૭ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે વિધાનસભા અને વિધાન પરિષદમાં મહિલાઓ પર હિંસા મુદ્દે વિરોધ કરી રહેલા વિપક્ષનો ઉધડો લીધો હતો. તેમણે વિપક્ષની મહિલા નેતાઓને ઠપ કો આપ્યો હતો, તેમજ બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવના પત્ની રાબડી દેવી તરફ ઈશારો કરતાં આરજેડીને ઘેરી હતી. બિહારના નાલંદામાં મહિલાની બર્બર હત્યા મામલે વિપક્ષના નેતાઓ મહિલાઓ પર થઈ રહેલી હિંસા મુદ્દે વિધાનસભા અને વિધાન પરિષદમાં હોબાળો કરી રહ્યા હતા. આ વિરોધથી કંટાળી નીતિશ કુમારે વિપક્ષના નેતાઓને આડે હાથ લીધા હતા. તેમણે વિરોધ કરી રહેલા વિપક્ષની મહિલાઓને ધમકાવતાં કહ્યું, 'તમે બેસી જાઓ, તમને કંઈ ખબર નથી. અગાઉની સરકારના રાજમાં મહિલાઓ ઉચ્ચ અભ્યાસ પણ મેળવી શકતી ન હતી. આરજેડી સરકારે મહિલાઓ માટે શું કર્યું? પ્રાથમિક શિક્ષણ બાદ તેમને આગળ ભણાવતા પણ ન હતા.' નીતિશ કુમારે આરજેડીના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવને પણ ઘેર્યા હતાં. તેમણે વિધાન પરિષદમાં રાબડી દેવી તરફ ઈશારો કરતાં કહ્યું કે, જ્યારે તેમના પતિ જેલમાં ગયા, ત્યારે તેમણે પત્ની રાબડી દેવીને મુખ્યમંત્રી બનાવી દીધા. આ સિવાય તેમણે મહિલાઓ માટે કર્યું છે શું? અમારી સરકારે તમામ મહિલાઓના ઉત્થાન માટે કામો કર્યા છે.

### અમેરિકા સાથેના વિવાદ વચ્ચે ચીન ભારતના પગે પડ્યું!

। (એજન્સી) બેઈજીંગ, તા.૭ ।

ચીન અને અમેરિકા વચ્ચે ટેરિફને લઈને તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકાએ ખાંડની આયાત પર ૨૦ ટકા ટેરિફની જાહેરાત કરી છે. આ બધા વચ્ચે, ચીનની નજર હવે ભારત પર ટકેલી છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ શુક્રવારે નવી દિલ્હી અને બેઈજિંગને સાથે મળીને કામ કરવા અને વર્ચસ્વવાદ અને સત્તાના રાજકારણનો વિરોધ કરવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. અમેરિકા સાથે ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં તેમના નિવેદન પર વિચારણા કરવામાં આવી રહી છે. ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ નેશનલ પીપલ્સ કોંગ્રેસની બેઠક પછી કહ્યું કે, "ડ્રેગન અને હાથીનું નૃત્ય કરવું એ એક વાસ્તવિકતા છે અને એકમાત્ર સાચો વિકલ્પ છે.

### મુંબઈમાં અનેક સ્થળોએ તપાસ

## ૯૬ વર્ષજૂની Parle-G કંપની પર આવકવેરા વિભાગના દરોડા

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મુંબઈમાં પારલે ગ્રૂપ પર ઈક્મ ટેક્સ વિભાગે દરોડા પાડ્યા છે. પારલે ગ્રૂપ Parle-G, મોનાકો અને અન્ય બ્રાન્ડ નેમથી બિસ્કિટ વેચનારી ફર્મ છે. મુંબઈમાં કંપનીના ઘણા સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે, જે સવારથી જ ચાલી રહ્યા છે. ઈન્કમ ટેક્સ વિભાગની ફૉરેન એસેટ યુનિટ અને મુંબઈની ઈક્મ ટેક્સ ઈન્વેસ્ટિગેશન વિંગ તરફથી સર્ચ કરવામાં આવી રહ્યું છે. જોકે આ સર્ચ કેમ થઈ રહ્યું છે? તેનું કારણ સામે આવી શક્યું નથી. દરોડા પૂરા થયા બાદ તેની પાછળના કારણોનો ખુલાસો થઈ શકે છે. હાલ ઈન્કમ ટેક્સ વિભાગ કંપનીના ડોક્યુમેન્ટ તપાસી રહી છે. સૌથી પહેલા વાત કરીએ Parle-G બિસ્કિટને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલા નફા વિશે તો રિપોર્ટ અનુસાર FY૨૪માં તેનો નફો બમણો થઈને ૧,૬૦૬.૯૫ કરોડ રૂપિયા રહ્યો છે, જે FY૨૩માં ૭૪૩.૬૬ કરોડ રૂપિયા રહ્યો હતો. તેના ગત નાણાકીય વર્ષમાં પારલે બિસ્કિટની ઓપરેશનલ ઈક્મ બે ટકાના વધારા સાથે વધીને ૧૪,૩૪૯.૪ કરોડ રૂપિયા થઈ ગઈ છે જો રેવન્યુની વાત કરીએ તો આ ૫.૩૧ ટકા ઉછળીને ૧૫,૦૮૫.૭૬ કરોડ રૂપિયા રહી છે. આ આંકડા દર્શાવે છે કે Parle Biscuitની ડિમાન્ડ હજુ પણ જોરદાર છે.

## GPSC દ્વારા ભરતીને લઈને જાહેરાત કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં થોડા દિવસ પહેલા ગુજરાત એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા વર્ગ ૧ અને ૨માં ભરતી માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે આજે ગુરુવાર GPSC દ્વારા ભરતીને લઈને જાહેરાત કરવામાં આવી છે. જેમાં કુલ ૨૪૪ જગ્યા પર વર્ગ ૧ અને ૨ની ભરતી માટે શુક્રવારથી આગામી ૨૩ માર્ચ, ૨૦૨૫ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ ૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ ૧-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ ૨ માટે કુલ ૨૪૪ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયાને લઈને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા છે. નવા નિયમ અનુસાર, GPSC વર્ગ-૧ અને ૨ની ભરતી પરીક્ષામાં પ્રિલિમ અને મુખ્ય એમ બે ભાગમાં પરીક્ષા લેવાશે.

## ભાવનગરના માછીમાર યુવક પાસેથી ૧.૩૫ કરોડની એમ્બરગ્રીસ પકડાઈ

। (એજન્સી) ભાવનગર, તા.૭ ।

ભાવનગર જિલ્લાના તળાજાના સરતાનપર બંદર ગામના યુવાન પાસેથી વ્હેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસનો રૂ.૧.૩૫ કરોડનો જથ્થો મળી આવ્યો છે. આથી તેની ધરપકડ કરવામાં આવી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે આજે સરતાનપર બંદર ગામના મેહુલ ઉર્ફે છોટુ રમેશભાઈ બાંભણીયાની અટકાયત કરી હતી. આ સાથે તેના કબ્જામાં રહેલા વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) પકડી પાડી હતી. વ્હેલમાછલીની ઉલટીનો વિષય ફોરેસ્ટ વિભાગમાં આવતો હોવાથી, નિષ્ણાત અધિકારીને બોલાવી ખરાઈ કરાઈ હતી. બાદ પોલીસે આરોપી યુવકની અટકાયત કરી તળાજા પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો.

## ખેતરે જતા ખેડૂતને સિંહે મોતને ઘાટ ઉત્તાર્યો

। (એજન્સી) અમરેલી, તા.૭ ।

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપર-હઠીલા સીમ વિસ્તારમાં સિંહે એક ખેડૂતનો ભોગ લીધો છે, જેના પગલે આસપાસના ગામોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ ઘટનાએ સ્થાનિક લોકોની સલામતી અને વન્યજીવ સંરક્ષણ વચ્ચેના જટિલ સંઘર્ષને ફરી એકવાર ઉજાગર કર્યો છે. મળતી માહિતી મુજબ, સાવરકુંડલા તાલુકાના ખાલપર-હઠીલા સીમ વિસ્તારના નદીમ કુરેશી નામના ખેડૂત પોતાના ખેતરે જઈ રહ્યા હતા, ત્યારે અચાનક સિંહે તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે ખેડૂતને બચવાની કોઈ તક મળી નહોતી અને સિંહે તેમને ગંભીર રીતે ઘાયલ કરીને ફાડી ખાધો હતો. ઘટનાસ્થળેથી મૃતકનું મોટરસાયકલ અને ચપ્પલ મળી આવતા, હુમલાની તીવ્રતાનો અંદાજ આવે છે.

### રાજકોટ પોલીસ દ્વારા એક જાહેરનામું

# રાજકોટમાં હોળીના તહેવાર ઉપર કેટલાક પ્રતિબંધ મૂકવામાં આવ્યા

### જાહેર રસ્તા ઉપર કલર ઉડાડવા, ફુગ્ગા ના ઘા કરવા કે તૈલી પદાર્થનો રાહદારીઓ ઉપર ઘા કરવા ઉપર પ્રતિબંધ

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

હોળી એ ઉત્સાહ અને ઉજવણીનો તહેવાર છે. આ તહેવારે આખો દેશ રંગોથી રંગાતું હોય છે. ત્યારે ઉજવણી જ્યારે મર્યાદા વટાવી જાય ત્યારે રંગમાં ભંગ પડતો હોય છે. ત્યારે આવું જ કંઈક ન થાય તે માટે રાજકોટ પોલીસ દ્વારા એક જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ, શહેરમાં હોળીના તહેવાર પર કેટલાક પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. રાજકોટ પોલીસ કમિશનર દ્વારા હોળી અને ધુળેટીના તહેવારને લઈને જાહેરનામાનું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ, જાહેર રસ્તા ઉપર કલર ઉડાડવા, ફુગ્ગા ના ઘા કરવા કે તૈલી પદાર્થનો રાહદારીઓ ઉપર ઘા કરવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે. સાથે જ રંગોના તહેવારમાં મહિલાઓ, બાળકો અને રાહદારીઓ ઉપર કલરના કે પાણીના ભરેલા ફુગ્ગાઓ ઉડાડવા ઉપર પણ મનાઈ છે. હોળી અને ધુળેટી બંને દિવસે પોલીસ સઘન પેટ્રોલિંગ કરશે. છાકટા બનેલા અસામાજિક માનસિકતા ધરાવતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ હોળી તથા તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ ધુળેટી પર્વની ઉજવણી થનાર છે. આ ધાર્મિક તેમજ સામાજીક પર્વની ઉજવણી રાજકોટ શહેરના જુદા-જુદા મહોલ્લાઓ, સાર્વજનીક જગ્યાઓ, ધાર્મિક જગ્યાઓમાં થતી હોય છે. સદરહું ઉત્સવમાં પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકતાં હોય છે જેને લીધે જાહેર રસ્તાઓ/ શેરીઓ/ ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શકયતા નકારી શકાય નહીં. રાજકોટ શહેરની વર્તમાન પરીસ્થિતિને લક્ષમાં લઈ સામાન્ય સંજોગોમાં હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. આ હોળી પર્વની ઉજવણી શાંતી અને કોમી એખલાશ ભર્યા વાતાવરણમાં થાય અને જાહેર સલામતી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે. હોળી તેમજ ધુળેટીના તહેવાર દરમ્યાન કોઈપણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ ઉપર કે જાહેર જગ્યાઓ ઉપર જતાં આવતાં રાહદારીઓ ઉપર કે એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો કે તૈલી વસ્તુઓ ફેંકવા નહી અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ જવા નહી તથા હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહી તેમજ જાહેર રસ્તાઓ ઉપર આમ તેમ દોડવું નહી કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનુ વર્તન કરવું નહી કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય કે અકસ્માત થાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિથી ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવું નહી.આ હુકમનો અમલ તા.૧૩/૦૩/૨૦૨૫ ના ૭.૦૦/૦૦ થી તા.૧૪/૦૩/૨૦૨૫ ના ક.૨૪/૦૦ સુધીનો રહેશે.

### ભાજપનો ભગવો લહેરાયો

# બોરસદ APMCમાં ૬૦ વર્ષ બાદ કોંગ્રેસના શાસનનો અંત

। (એજન્સી) બોરસદ, તા.૭ ।

વર્ષ ૧૯૫૮માં બોરસદ એપીએમસીની સ્થાપના થઈ ત્યારથી અત્યાસસુધી એટલે કે ૬ દાયકા બાદ પ્રથમ વખત ભાજપ પ્રેરિત ઉમેદવાર ચેરમેન બન્યા છે અને યાર્ડમાં કોંગ્રેસના એકહથ્થું શાસનનો અંત આવ્યો છે. માર્કેટ યાર્ડના ચેરમેન તરીકે અશોક મહિડા અને વાઈસ ચેરમેન તરીકે યોગેશ પટેલની નિમણૂક કરવામાં આવી છે. ચેરમેન પદ ક્ષત્રિય સમાજને અને વાઈસ ચેરમેન પદ પટેલ સમાજને આપી ભાજપે જ્ઞાતિગત સમિકરણો ગોઠવ્યા છે. બોરસદ એપીએમસીમાં નિયુક્ત ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ચેરમેન પદ માટે અશોક મહિડાના નામની દરખાસ્ત હિતેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે દરખાસ્તને ઈલેશ પટેલ ભાદરણ તરફથી ટેકો આપવામાં આવ્યો હતો. જ્યારે વાઈસ ચેરમેન માટે યોગેશ પટેલ ઉમલાવના નામની દરખાસ્ત હરમાન ઠાકોર નાપાવાળાએ કરી હતી. આ દરખાસ્તને પ્રતાપસિંહ સોલંકી કઠાણા તરફથી ટેકો આપવામાં આવ્યો હતો. બંને પદ માટે ભાજપના મેન્ડેટની પ્રક્રિયા દ્વારા નામની જાહેરાતને તમામ ચૂંટાયેલા સભ્યોએ સમર્થન આપતા બિનહરીફ વરણી કરાઈ હતી. ભાજપે ચેરમેન પદ ક્ષત્રિય અને વાઈસ ચેરમેન પદ પટેલ જ્ઞાતિને ફાળવીને બંને જ્ઞાતિને સાચવી લીધી હોવાનું જાણવા મળે છે.

### સહભાગીઓએ અતૂટ નિશ્ચય અને કૌશલ્ય દર્શાવ્યું

# આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર ખાતે ૧૩મો વાર્ષિકોત્સવ યોજાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર દ્વારા તેના વાર્ષિક રમતોત્સવ, જોશ ૨૦૨૫ની ૧૩મી આવૃત્તિનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જે બે દિવસીય ગતિશીલ કાર્યક્રમ હતો જેમાં રમતગમત, ટીમવર્ક અને ફિટનેસના સારને મૂર્તિમંત કરવામાં આવ્યો હતો. ૪ અને ૫ માર્ચ ૨૦૨૫ના રોજ આયોજિત આ ઉત્સવમાં વિદ્યાથીર્ઓ, શિક્ષકો અને પ્રતિષ્ઠિત મહેમાનો રમતગમતની પ્રેરણાદાયક ઉજવણીમાં જોડાયા હતા. આ કાર્યક્રમની શરૂઆત માનનીય કુલપતિ પ્રો. આર. સી. પટેલ, રજિસ્ટ્રાર ડૉ. અનિલ વરસત, આયોજન સમિતિ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાથીર્ઓની હાજરીમાં એક ઉત્સાહપૂર્ણ ઉદ્ઘાટન સમારોહ સાથે થઈ હતી. આ પ્રસંગે પ્રતિષ્ઠિત ટેબલ ટેનિસ ખેલાડી પ્રસુન્ના પારેખ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સમારોહમાં શિસ્ત અને એકતાનું પ્રતીક કરતી ભવ્ય માચર્પાસ્ટ, ત્યારબાદ પ્રાથર્ના, ઔપચારિક મશાલ પ્રગટાવવી અને વાર્ષિક રમતગમત અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. ઉત્સાહમાં વધારો કરતા, મંત્રમુગ્ધ કરનાર યોગ પ્રદર્શન અને એક ઉત્સાહપૂર્ણ એરોબિક્સ સત્રે ફેકલ્ટી સભ્યો અને વિદ્યાથીર્ઓ બંનેને જોડ્યા, જે સંસ્થાની સર્વાંગી સુખાકારી પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આયોજન સમિતિએ એક આકર્ષક ભાષણ આપ્યું, જેમાં શિક્ષણમાં રમતગમત અને શારીરિક તંદુરસ્તીના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. પ્રથમ દિવસે ટગ ઓફ વોર, એથ્લેટિક્સ, કબડ્ડી, વોલીબોલ અને ખો-ખોમાં રોમાંચક સ્પધાર્ઓ જોવા મળી, જેમાં સહભાગીઓએ અતૂટ નિશ્ચય અને કૌશલ્ય દર્શાવ્યું. બીજા દિવસે પણ આ ગતિ ચાલુ રહી કારણ કે ફાઈનલિસ્ટોએ વોલીબોલ, ખો-ખો, ચેસ અને ટગ ઓફ વોરમાં ઉચ્ચ-દાવની મેચોમાં ભાગ લીધો, જેમાં વ્યૂહાત્મક કૌશલ્ય અને સ્થિતિસ્થાપકતા દર્શાવવામાં આવી. આ ફેસ્ટનો અંત ભવ્ય ઈનામ વિતરણ સમારોહ સાથે થયો, જેમાં વિદ્યાર્થી-એથ્લીટ્સના અસાધારણ પ્રદર્શનનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ઉજ્જ્વલ સિંહ ઉપસ્થિત રહ્યા હતા, જે એક પ્રખ્યાત કબડ્ડી ખેલાડી છે. જેમણે વિદ્યાથીર્ઓને ખંત અને રમતગમત પરના પોતાના શબ્દોથી પ્રેરણા આપી હતી.

## ભાવનગરના ચિત્રામાં SBIની સામેથી રૂ.૭૫ લાખ રોકડની લૂંટ

। ભાવનગર, તા.૭ ।

ભાવનગરમાં એસબીઆઈ બેંકની બહાર રૂપિયા ૭૫ લાખની માતબર રકમની લૂંટ થયાની ઘટના સામે આવી છે. જોકે પોલીસ દ્વારા ફરિયાદીની પુછતાછમાં થોડી વિસંગતતા જણાતા ફરિયાદી પોતે જ શંકાના દાયરામાં આવ્યો છે. છતાં પોલીસે જુદી જુદી ટીમો બનાવીને રુટ પરના સીસીટીવી તેમજ બાતમીદારોને કામે લગાડીને વધુ તપાસ હાથ ધરી છે. સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ, ભાવનગરમાં એસ.બી. આઈ.ની ચિત્રા સ્વામિનારાયણ બ્રાન્ચની બહારથી ત્રણ શખ્સો રૂપિયા ૭૫ લાખની લૂંટ કરીને ફરાર થઈ ગયા હોવાની વાતો વહેતી થઈ હતી.

### વિરમગામમાં શંકાસ્પદ ચીઝનો જથ્થો મળી આવ્યો

# મહેસાણામાં બનાવટી પનીર અને તેલનો જથ્થો ઝડપાયો

### આ બે અલગ અલગ સ્થળોએથી કુલ ૨૩૦૦ કિલો અને ૧૬૦૦ કિલો પનીર અને કપાસિયા તેલ જપ્ત કરવામાં આવ્યું હતું

। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

મહેસાણામાં ધરતી ઈન્ડસ્ટ્રીઝ નામની બીજી એક કંપનીમાંથી કપાસિયા તેલનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. "આ બે અલગ અલગ સ્થળોએથી કુલ ૨૩૦૦ કિલો અને ૧૬૦૦ કિલો પનીર અને કપાસિયા તેલ જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત અનુક્રમે આશરે ૫૦૦૦૦૦ રૂપિયા અને ૧૦૦૦૦૦ રૂપિયા છે. ૫.૫ લાખ અને રૂપિયા રૂપિયા ૨.૩૦ લાખ જપ્ત કરવામાં આવ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટી, મહેસાણા દ્વારા નરસિંહપુરામાં ૪ માર્ચ, ૨૦૨૫ના રોજ કરવામાં આવેલા શ્રેણીબદ્ધ દરોડામાં ઉત્પાદન કંપની એમ. કેશવી ફૂડ પ્રોડક્ટ્સ ફર્મમાં નિરીક્ષણ દરમિયાન, એવું જાણવા મળ્યું કે ફૂડ લાયસન્સ મેળવ્યા વિના ખાદ્ય વનસ્પતિ ચરબીનો ઉપયોગ કરીને પનીરનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું હતું.

ઉપરોક્ત પેઢીમાં ભેળસેળની મજબૂત શંકાના આધારે, પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો અને બાકીના ૨૩૦૦ કિલો પનીર, જેની કિંમત લગભગ રૂ. ૫.૫ લાખની રકમ જાહેર આરોગ્યના હિતમાં જપ્ત કરવામાં આવી છે.અમદાવાદની આસપાસની હોટલો જેમ કે ઝમઝમ રેસ્ટોરન્ટ, વિરમગામમાં શંકાસ્પદ ચીઝનો જથ્થો મળી આવ્યો હતો; હોટેલ સહયોગ, વિરમગામ મુસાફિર રેસ્ટોરન્ટ, કલોલ; આઈ ખોડલ ઢાબા, છત્રાલ; છત્રાલની હોટલ અમીરાસ અને છત્રાલની હોટલ સતકારમાં ખાદ્ય પદાર્થો લગભગ ૨૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. આ ખાદ્ય પદાર્થો મુખ્યત્વે બિનઆરોગ્યપ્રદ હોવાથી, તેના રિપોર્ટ આવ્યા પછી નિયમો અનુસાર વધુ કાનૂની કાયર્વાહી કરવામાં આવશે.ફૂડ એન્ડ ડ્રગ્સ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા કરવામાં આવેલા દરોડાને કારણે લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમી રહેલા ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ ભેળસેળિયાઓ અને નકલી બનાવટીઓમાં ગભરાટ ફેલાયો છે.

### ગુજરાતના આદિવાસી વિસ્તારની કફોડી હાલત

# નમર્દા અને છોટા ઉદેપુર જિલ્લામાં ૭૧૩ આંગણવાડીઓના મકાન નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

આમ આદમી પાટીર્ના ધારાસભ્ય ચૈતર વસાવાએ રાજ્ય સરકારના મહિલા અને બાળક વિકાસના મંત્રીને તારાંકિત પ્રશ્નોતરીમાં પ્રશ્ન પૂછયો હતો કે તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ નમર્દા અને છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન નથી, સ્થિતિએ આ મુજબ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન નથી. આ મુદ્દે રાજ્ય સરકારના મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જવાબ આપ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે નમર્દા જિલ્લાના તાલુકાઓમાં પોતાના મકાન ન હોય તેવા કેન્દ્રોની સંખ્યા ડેડીયાપાડામાં ૭૧, ગ્રુડેશ્વરમાં ૫૫, નાંદોદમાં ૭૪, સગબારામાં ૮૩, તિલકવાડામાં ૫૧ જ્યારે છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં ૬૨, છોટા ઉદેપુરમાં ૬૭, કવાંટ માં ૭૩, નસવાડીમાં ૭૫, પાવી જેતપુરમાં ૬૮ અને સંખેડામાં ૩૪ આંગણવાડીઓના મકાન નથી.

આ ઉપરાંત, ઉક્ત સ્થિતિએ વૈકલ્પિક વ્યવસ્થાઓ અને આંગણવાડી કેન્દ્રોના મકાન ન બનવાનાં કારણોમાં મંત્રીએ જવાબ આપ્યો કે હાલની સ્થિતિએ નમર્દામાં ૧૮૨ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં અને ૧૫૨ આંગણવાડી કેન્દ્રો અન્ય મકાનમાં બેસે છે, અને છોટાઉદેપુર જિલ્લામાં ૬૮ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં અને ૩૧૧ મકાન દાતા અને અન્ય સરકારી મકાનમાં કાર્યરત છે. નમર્દા જિલ્લામાં હાલ ૩૩૪ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧૯૭ આંગણવાડી કેન્દ્રોના નવા બાંધકામ હાલમાં પ્રગતિ હેઠળ છે.

### ઓવર બ્રિજ અડધો બન્યા બાદ કંપની અને તંત્રને ભાન થયું

# ઓવર બ્રિજ પૂણર્તાના આરે છે ત્યારે તંત્ર અને કંપનીને ખબર પડી કે બ્રિજને અડીને ૧૧ હજાર KV ની વીજ લાઈન પસાર થાય છે

### હાઇવે પરથી પસાર થતા હજારો વાહનચાલકો અને સ્થાનિક લોકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે

। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

મહેસાણા-અમદાવાદ હાઈવે પરના શિવાલા સર્કલ પર હાલમાં એક અનોખી સમસ્યા સર્જાઈ છે. અહીં એક બ્રિજનું નિર્માણ કાર્ય અટકી ગયું છે, અને તેનું કારણ છે તંત્ર અને કન્સ્ટ્રક્શન કંપનીની ઘોર બેદરકારી. આ બેદરકારીને કારણે માત્ર બ્રિજનું કામ જ અટક્યું નથી, પરંતુ હાઈવે પરથી પસાર થતા હજારો વાહનચાલકો અને સ્થાનિક લોકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.



મળતી માહિતી મુજબ, મહેસાણા-અમદાવાદ હાઈવે પરના શિવાલા સર્કલ પર ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે બ્રિજ બનાવવાની યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત, કન્સ્ટ્રક્શન કંપનીએ બ્રિજનું નિર્માણ કાર્ય શરૂ કર્યું. પરંતુ, બ્રિજનું અડધું કામ પૂર્ણ થયા પછી, કંપની અને તંત્રને અચાનક ખ્યાલ આવ્યો કે, બ્રિજના બંને છેડા સર્કલ પર જોડવાના છે, અને સર્કલની બરોબર ઉપરથી ૧૧,૦૦૦ કેવીની હેવી વીજ લાઈન પસાર થાય છે. જો બ્રિજનું કામ આગળ વધારવામાં આવે તો, વીજ લાઈન બ્રિજને અડી શકે છે, જે ખૂબ જ જોખમી છે. આનાથી મોટી દુર્ઘટના પણ સર્જાઈ શકે છે. આ કારણોસર, હાલમાં કન્સ્ટ્રક્શન કંપની અને તંત્રના પાપે બ્રિજનું કામ અટકાવી દેવામાં આવ્યું છે.

તંત્ર અને કંપનીની બેદરકારી સામે સવાલો ઉઠ્યા છે. આટલી મોટી યોજના શરૂ કરતા પહેલા, તંત્ર અને કંપનીએ વીજ લાઈન પર કેમ ધ્યાન ન આપ્યું? શું આ બેદરકારીને કારણે મોટું આર્થિક નુકસાન થશે? આ ઘટના માટે જવાબદાર અધિકારીઓ સામે શું કાયર્વાહી કરવામાં આવશે? આ બ્રિજની કામગીરી ક્યારે પૂરી થશે? આ ઘટનાએ તંત્ર અને બ્રિજ બનાવતી કંપનીની કામગીરી સામે ઘણા ગંભીર સવાલો ઊભા કર્યા છે. આ બ્રિજની આજુબાજુના સ્થાનિકોને અવરજવર માટે ખુબ જ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. હાઈવે પર ટ્રાફિકની સમસ્યા વધુ વકરી છે. સ્થાનિક લોકો આ બેદરકારી માટે જવાબદાર લોકો સામે કડક કાયર્વાહી કરવાની માંગ કરી રહ્યા છે.

# મહિલા દિન વિશેષ – આહવા તાલુકાના સતી ગામની સખી મંડળની બહેનોએ જીવામૃત ઉત્પાદનના મીની યુનીટ સ્થાપી આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું

। (માહિતી) ડાંગ ।

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખી મંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરુરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી બનાવી છે. જેનો મુખ્ય ઉદેશ્ય અન્ય ખેડુતો પણ પ્રાકૃતિક ખેતી કરતાં થાય તેમજ ખેડુતોને સહેલાઈથી જીવામૃત- બીજામૃત વિગેરે સહેલાઈથી મળી





શકે તે માટે તે માટે સરકારે અમલી બનાવેલ આ યોજનામાં ૫૦ ટકા ની સહાય પણ આપવામાં આવે છે. દેશના પ્રથમ પ્રાકૃતિક ડાંગ જિલ્લામાં પણ મોટી સંખ્યામાં ખેડુતો પ્રાકૃતિક ખેતી કરતાં થયા છે. અને તેમાય ખાસ કરીને મહિલા ખેડુતોઓ પણ હવે આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજીત પ્રાકૃતિક કૃષિની તાલીમો મેળવી પ્રગતીશીલ મહિલા ખેડુતનું બિરૂદ મેળવ્યું છે. ડાંગ જિલ્લાના આહવા તાલુકાની સતી ગામની મહિલાઓનું એકતા મહિલા જૂથ સતી નામનું જુથ છે જેઓએ આત્મા પ્રોજેક્ટમાં નોંધણી કરી અને સરકારની સહાય પ્રાપ્ત કરી છે. હવે આ યુનીટની મહિલાઓ ઘર બેઠાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરુરી એવાં દેશી ગાય આધારીત બનતાં જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વિગેરે બનાવીને તેનું વેચાણ કરી આત્મ નિર્ભર બની રહ્યાં છે. આહવા તાલુકાના સતી ગામની પ્રગતિશીલ મહિલા ખેડુત લક્ષ્મીબેનને તાજેતરમાં જ વઘઈ ખાતે એક કાર્યક્રમમાં પ્રગતીશીલ મહિલા ખેડુત તરીકે સન્માનીત કરવામાં આવી હતી. લક્ષ્મીબેન જણાવે છે કે, તેઓ છેલ્લાં પાંચ વર્ષ થી સંપુર્ણ પણે પ્રાકૃતિક ખેતી અપનાવી રાસાયણીક ખાતરોને તિતાજંલી આપી ચુક્યાં છે. પ્રાકૃતિક ખેતીની સંઘન તાલીમ મેળવી, તેમજ મોડેલ ફાર્મના પ્રવાસ કાર્યક્રમો થકી તેઓએ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પોતાની ૨.૪ હેક્ટર જમીનમાં તેઓ ચોમાસાની રૂતુમાં ડાંગર, નાગલી(રાગી), વરાઈ, રવિ પાકમાં મગફળી, તુવેર, ચણાં, ઉનાળાની રૂતુમાં તેઓ વિવિધ શાકભાજી વગેરેની ખેતી કરી વર્ષે ૩ લાખ થી પણ વધુની આવક મેળવી રહ્યાં છે. લક્ષ્મીબેન વધુમાં જણાવે છે કે, પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે તેઓના સખી જુથને ૫૦ ટકા સુધીની સહાય રૂ.૬૦,૦૦૦ની સહાય પ્રાપ્ત થઈ છે. જેમાં તેઓએ ૫,૦૦૦ લિટરની ક્ષમતા વાળી HDPE ટાંકી, ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસ ફુટનું ભોંયતળિયું બનાવ્યું છે. સાથે પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળખાકીય સુવિધાઓને ઉભી કરી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજ્યના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# માર્ગ અકસ્માતમાં વધારા માટે મૂળરૂપે એન્જિનિયર જવાબદાર

## નીતિન ગડકરીએ કહ્યું, ડોક્ટરો, એન્જિનિયરો અને સૌથી અગત્યનું, પ્રતિભાશાળી યુવાનોની ખોટ ખરેખર આપણા દેશ માટે એક મોટી ખોટ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. આ દરમિયાન, સભાને સંબોધિત કરતી વખતે, નીતિન ગડકરીએ ફરી એકવાર માર્ગ અકસ્માતોનો ઉલ્લેખ કર્યો. આ અંગે વાત કરતા તેમણે કહ્યું, આ આપણા માટે સારું નથી કે ભારતમાં આપણે માર્ગ અકસ્માતો સંબંધિત ઘણી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ. દર વર્ષે આપણી પાસે ૪,૮૦,૦૦૦ માર્ગ અકસ્માતો અને ૧,૮૦,૦૦૦ મૃત્યુ થાય છે, જે કદાચ વિશ્વમાં સૌથી વધુ છે. આમાંના ૬૬.૪% મૃત્યુ ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના લોકોના છે અને આના કારણે જીડીપીને નુકસાન થાય છે. જીડીપી ૩%માં ઘટાડો થાય છે. નીતિન ગડકરીએ કહ્યું, ડોક્ટરો, એન્જિનિયરો અને સૌથી અગત્યનું, પ્રતિભાશાળી યુવાનોની ખોટ ખરેખર આપણા દેશ માટે એક મોટી ખોટ છે. આ તમામ દુર્ઘટનાઓ માટે સૌથી મહત્ત્વપૂર્ણ દોષી સિવિલ એન્જિનિયર છે. હું



દરેકને દોષ નથી આપતો, પરંતુ ૧૦ વર્ષના અનુભવ પછી, હું આ નિષ્કર્ષ પર આવ્યો છું કે સૌથી વધુ ગુનેગાર તે લોકો છે જેઓ ડીપીઆર અને હજારો પ્રોજેક્ટમાં ભૂલ કરી રહ્યા છે. ગ્લોબલ રોડ ઈન્ફ્રાટેક સમિટ એન્ડ એક્સ્પો (GRIS)ને સંબોધતા કેન્દ્રીયમંત્રીએ જણાવ્યું હતું કે, માર્ગ સલામતીના પગલાં સુધારવાની તાતી જરૂર છે. દેશમાં મોટાભાગના માર્ગ અકસ્માતો લોકોની નાની નાની ભૂલો, ખામીયુક્ત ડીપીઆરને કારણે થાય છે અને તેના માટે કોઈને જવાબદાર ઠેરવવામાં આવતું નથી. નીતિન ગડકરીએ માર્ગ બાંધકામ ઉદ્યોગને નવી તકનીકો અને રિસાયકલ કરી શકાય તેવી બાંધકામ સામગ્રી અપનાવીને માર્ગ સલામતી વધારવા માટેની વ્યૂહરચના વિકસાવવા કહ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ભારતમાં રસ્તાઓ પર સાઈનપોસ્ટ અને માર્કિંગ સિસ્ટમ જેવી નાની વસ્તુઓ પણ ખૂબ જ ખરાબ છે. આપણે સ્પેન, ઓસ્ટ્રિયા અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશો પાસેથી શીખવાની જરૂર છે. ભારતમાં સૌથી ખરાબ ગુણવત્તાવાળા ડીપીઆર બનાવવામાં આવે છે. મને લાગે છે કે માર્ગ અકસ્માતમાં વધારા માટે મૂળભૂત રીતે એન્જિનિયરો જવાબદાર છે. તેથી, મુખ્ય સમસ્યા રોડ એન્જિનિયરિંગ અને ખામીયુક્ત આયોજન અને ખામીયુક્ત ડીપીઆર છે.



## ન્યૂઝ બ્રિફ

### SBIમાંથી ૧૩ જેટલા મૃતકોના નામે ૭૦ લાખની લોન પાસ થઈ

। (એજન્સી) ગોરખપુર, તા.૭ ।

ગોરખપુરના જંગલ કૌડિયાન સ્થિત SBI બ્રાન્ચમાંથી રૂ.૭૦.૨૦ લાખની લોનની ઉચાપત કરવામાં આવી છે. બેંક કર્મચારીઓએ કેન્ટીન બોય સાથે મળીને ૧૩ મૃતકોના નામે લોન પાસ કરી અને પૈસા ઉપાડી લીધા હતા. આ મૃતદેહો નિવૃત્ત કર્મચારીઓના હતા જેમનું બેંકમાં પેન્શન ખાતું હતું અને તેઓ મૃત્યુ પામ્યા હતા. ઉચાપતના કેસમાં લખનૌથી આવેલા SBIના આસિસ્ટન્ટ જનરલ મેનેજર ગુરુવારે જંગલ કૌડિયા ચોકી પર પહોંચ્યા અને તપાસકર્તાને પોતાનો તપાસ રિપોર્ટ સુપરત કર્યો હતો. હવે આ રિપોર્ટના આધારે પોલીસ આ મામલે આગળની કાર્યવાહી કરશે. મળતી માહિતી મુજબ, જંગલ કૌડિયાન સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને પેન્શનરો અને મૃતદેહોના ખાતાઓ તેમજ કિસાન ક્રેડિટ કાર્ડ ખાતામાંથી લોન મંજૂર કરીને છેતરપિંડી આચરવામાં આવી છે.

### મહાનગરોમાં મકાન ભાડામાં તોતિંગ વધારો, નવો સરવે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

આજના સમયમાં ઘરનું ઘર બનાવવું હોય તો મધ્યમવર્ગીય પરિવાર માટે કાઠું બની રહ્યું છે. હપ્તા ભરે કે ડાઉન પેમેન્ટ લાવે. આ કારણે અનેક લોકો ભાડાના ઘરમાં રહેવા મજબૂર બન્યા છે. જોકે, હવે ભાડાના ઘરમાં રહેવા માટે લોકોને મોટા પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ મોંઘવારીનો માર પડી રહ્યો છે, લોકોની બચત ઘટી રહી છે અને બીજી તરફ, ભાડાના મકાન પણ હવે મોંઘા પડવા લાગ્યા છે. નિષ્ણાતો કહે છે કે મકાનોના ભાવ ફુગાવા કરતા વધુ ઝડપથી વધશે અને ભાડા ઘણા વર્ષોથી આકાશને આંબી રહ્યા છે. લાખો લોકો માટે, ઘરનું માલિકી એક દૂરનું સ્વપ્ન બની રહ્યું છે. રોઈટર્સનો એક સરવે કહે છે કે, નવું ઘર ખરીદનારાઓને હાલ મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘરના ભાવ લગભગ બમણા થઈ ગયા છે. કારણ કે, માંગ એટલી વધી છે કે, તેને પહોંચી વળવા માટે પુરવઠો ઓછો છે.

### વીરેન્દ્ર સેહવાગના ભાઈની ચંડીગઢ પોલીસે ધરપકડ કરી

। (એજન્સી) ચંદીગઢ, તા.૭ ।

ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ ઓપનર વીરેન્દ્ર સેહવાગનો ભાઈ વિનોદ સેહવાગ હાલમાં જેલમાં કેદ છે. ૭ કરોડ રૂપિયાની લેવડ-દેવડના કેસમાં કોર્ટના આદેશ બાદ તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસે ધરપકડ કરી તેને કોર્ટમાં હાજર કર્યો હતો અને પછી ત્યાંથી બુડૈલ જેલમાં ધકેલી દેવાયો હતો. તે છેલ્લા એક અઠવાડિયાથી જેલમાં કેદ છે અને ગઈકાલે કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલો ૨૦૧૮નો હતો જ્યારે હિમાચલ પ્રદેશના બદ્દીમાં શ્રી નૈના પ્લાસ્ટિક નામની કંપનીએ જાલ્ટા કંપની પાસેથી સામાન મગાવ્યું હતું. આ ડીલ હેઠળ જાલ્ટા કંપનીએ કુલ ૭ કરોડ રૂપિયાના ૭ ચેક ઈશ્યૂ કર્યા હતા. પણ આ ચેક બેંકમાં જમા કર્યા તો પૂરતું બેલેન્સ ન હોવાને કારણે ચેક બાઉન્સ થયો હતો.

### વનડે-ટેસ્ટમાં કેપ્ટન બનાવવા પર આકરી ચર્ચા થઈ શકે

# ચેમ્પિયન્સ ટ્રોફી બાદ રોહિતના ભવિષ્ય પર થશે નિર્ણય!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ બાદ રોહિત શર્માના ભવિષ્યને લઈને મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ODI વર્લ્ડ કપ ૨૦૨૭ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પછી આવતા બે વર્ષ માટે એક યોજના તૈયાર કરશે. રોહિત શર્મા ટીમ ઈન્ડિયામાં રહે છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર રોહિત શર્માને ઓછામાં ઓછા વનડે અને ટેસ્ટમાં કેપ્ટન બનાવવા પર આકરી ચર્ચા થઈ શકે છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પછી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)



પણ નવા કેન્દ્રીય કરારની જાહેરાત કરી શકે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પરત ફર્યા બાદ BCCI અને રોહિત શર્મા સાથે આ પ્રસ્તાવ પર ચર્ચા કરી હતી. એવું પણ જાણવા મળ્યું છે કે મીટિંગ દરમિયાન ભારતીય કેપ્ટન ચેમ્પિયન્સ ટ્રોફી સમાપ્ત થયા પછી ટીમ માટે રોડમેપ બનાવવાના વિચાર સાથે સંમત થયા હતા. BCCIના એક સૂત્રએ કહ્યું રોહિત માને છે કે તેનામાં હજુ થોડું ક્રિકેટ બાકી છે. તેમને આગળની યોજનાઓ વિશે માહિતી આપવા માટે કહેવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું છે કે, સંન્યાસ લેવાનો તેનો (રોહિત) નિર્ણય છે, પરંતુ સુકાનીપદ ચાલુ રાખવા અંગે બીજી ચર્ચા થશે. રોહિત પોતે સમજે છે કે જો ટીમને વર્લ્ડ કપની તૈયારી કરવી હોય તો એક સ્થિર કેપ્ટનની જરૂર છે. કોહલી સાથે પણ વાતચીત થઈ છે, પરંતુ તેના વિશે બહુ ચિંતા નથી. BCCI સામાન્ય રીતે IPL પહેલા તેના વાર્ષિક સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરે છે. BCCI એ જોવા માંગતું હતું કે ટીમે ચેમ્પિયન્સ ટ્રોફીમાં કેવું પ્રદર્શન કર્યું. એવું જાણવા મળ્યું છે કે BCCI ફરીથી A+ ગ્રેડ કોન્ટ્રાક્ટમાં કેટલાક ફેરફાર કરી શકે છે. હાલમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રિત બુમરાહ અને રવિન્દ્ર જાડેજા ટોપ ગ્રેડમાં છે. સૂત્રએ જણાવ્યું છે કે, બોર્ડ ચેમ્પિયન્સ ટ્રોફી પછી રોહિતના નિર્ણયની રાહ જોશે. જો કોઈ તક દ્વારા તે નિવૃત્તિ લેવાનું નક્કી કરે છે, તો બોર્ડ જોશે કે શું કરવાની જરૂર છે. એ વાતને નકારી શકાય નહીં કે તેણે ગયા વર્ષે જુલાઈમાં ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યો હતો અને તેણે ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં પણ સારી કેપ્ટનશિપ કરી હતી.

# પોલ રિફેલ અને રિચાર્ડ ઇલિંગવર્થ મેદાન પરના અમ્પાયર તરીકે નિયુક્ત

। (એજન્સી) દુબઈ, તા.૭ ।

ભારત અને ન્યુઝીલેન્ડ ૯ માર્ચે દુબઈમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલમાં સામસામે ટકરાશે. ન્યુઝીલેન્ડ અગાઉની હારનો બદલો લેવાનો પ્રયાસ કરશે. આ સાથે જ ટીમ ઈન્ડિયાની નજર આ ટૂર્નામેન્ટમાં સતત બીજી જીત પર રહેશે. ભારતે ૨ માર્ચે ગ્રુપ છની છેલ્લી મેચમાં કિવીઓને હરાવ્યું હતું. આઈસીસીએ આ મેચ માટે અધિકારીઓના નામ જાહેર કર્યા છે. ICC એલિટ પેનલના અમ્પાયરોના સભ્ય પોલ રિફેલ અને રિચાર્ડ ઈલિંગવર્થને આ મેચ માટે મેદાન પરના અમ્પાયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સેમીફાઈનલ દરમિયાન પણ બન્ને અમ્પાયરો મેદાનમાં ઉભા હતા. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી મેચ દરમિયાન ઈલિંગવર્થ દુબઈમાં હતો. બીજા દિવસે દક્ષિણ આફ્રિકા-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી મેચ દરમિયાન રિફેલ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં હતો. ચાર વખતના ICC અમ્પાયર ઓફ ધ યર ઈલિંગવર્થ ૨૦૨૩માં ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં દરમિયાન પણ મેદાન પર ઊભો રહ્યો હતો. આ સિવાય તે ગયા વર્ષે ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન ઓન-ફીલ્ડ અમ્પાયર પણ હતો.

### શ્રમિકો આજીવિકા માટે ગયા હતા

# ઈઝરાયલે વેસ્ટ બેંકમાં ફસાયેલા ૧૦ ભારતીય શ્રમિકોને રેસ્ક્યૂ કર્યા

## એક મહિનાથી વધુ સમય સુધી બંધક બનાવ્યા હતા : તેમના પાસપોર્ટ છીનવી લેવામાં આવ્યા હતા

। (એજન્સી) વેસ્ટ બેંક, તા.૭ ।

ઈઝરાયલી અધિકારીઓએ વેસ્ટ બેંકમાંથી ૧૦ ભારતીય શ્રમિકોને સફળતાપૂર્વક બચાવી લીધા હતા. આ લોકોને એક મહિનાથી વધુ સમય સુધી બંધક બનાવવામાં આવ્યા હતા. આ શ્રમિકો પોતાની આજીવિકા માટે ઈઝરાયલ ગયા હતા, પરંતુ તેમને નોકરી આપવાના બહાને, તેને વેસ્ટ બેંકના એક ગામમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેમના પાસપોર્ટ છીનવી લેવામાં આવ્યા. અહેવાલો અનુસાર, ગુરુવારે (છઠ્ઠી માર્ચ)



રાત્રે ઈઝરાયલ પોપ્યુલેશન એન્ડ ઈમિગ્રેશન ઓથોરિટી, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF) અને ન્યાય મંત્રાલયના સંયુક્ત પ્રયાસ હેઠળ શ્રમિકોને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારતીય દૂતાવાસે પુષ્ટિ આપી છે કે, આ શ્રમિકો હવે સુરક્ષિત છે અને તેમને ઈઝરાયલ પાછા લાવવામાં આવ્યા છે. આ કેસ હજુ તપાસ હેઠળ છે, અને અમે આ કામદારોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે ઈઝરાયેલી અધિકારીઓ સાથે સંપર્કમાં છીએ. શ્રમિકો વેસ્ટ બેંકના અલ-જાયેમ ગામમાં ફસાયા હતા. ત્યાં કેટલાક લોકોએ તેના પાસપોર્ટનો ઉપયોગ કરીને ઈઝરાયલમાં ગેરકાયદેર રીતે પ્રવેશવાનો પ્રયાસ કર્યો. ઈઝરાયલી સૈન્યએ પાસપોર્ટનો દુરુપયોગ શોધી કાઢ્યો અને તેમને તેમના હકદાર માલિકોને પરત કર્યા.

### કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જાહેરાત કરી

# પૂર્વ PM મનમોહનસિંહના નામથી ઓળખાશે કર્ણાટકની યુનિવર્સિટી

## યુનિવર્સિટીનું નામ ડો. મનમોહન સિંહ બેંગ્લુરુ સિટી યુનિવર્સિટી હશે : આ યુનિવર્સિટીનું નામ પહેલા બેંગ્લુરુ સેન્ટ્રલ યુનિ. હતું

। (એજન્સી) બેંગ્લુરુ, તા.૭ ।

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જાહેરાત કરી કે બેંગ્લુરુ સિટી યુનિવર્સિટીનું નામ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નામ પર રાખવામાં આવશે. તેમણે કહ્યું કે હવે યુનિવર્સિટીનું નામ ડૉ. મનમોહન સિંહ બેંગ્લુરુ સિટી યુનિવર્સિટી હશે. આ યુનિવર્સિટીનું નામ પહેલા બેંગ્લુરુ સેન્ટ્રલ યુનિવર્સિટી હતું. આની ૨૦૧૭માં સ્થાપના કરવામાં આવી હતી અને ૨૦૨૦માં તેનું નામ બદલવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બજેટ સત્ર દરમિયાન



આ જાહેરાત કરી છે. ૨૬ ડિસેમ્બરે પૂર્વ પીએમનું નિધન થઈ ગયું હતું. તે ૨૨ મે ૨૦૦૪થી ૨૬ મે ૨૦૧૪ સુધી ૧૦ વર્ષ દેશના વડાપ્રધાન રહ્યા. કર્ણાટકમાં નાણા વિભાગ પણ સીએમ સિદ્ધારમૈયા પાસે જ છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૫-૨૬ માટે સરકારે રાજકોષીય ખાધનું સંતુલન જાળવીને રાખ્યું છે. વિધાનસભામાં ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કરતાં સિદ્ધારમૈયાએ વિશેષ રીતે રેખાંકિત કર્યું કે પાંચ ગેરંટીઓ- ગૃહ જ્યોતિ, ગૃહ લક્ષ્મી, અન્ન ભાગ્ય, યુવા નિધિ અને શક્તિ યોજનાઓ માત્ર મફતની વસ્તુઓ નથી પરંતુ આર્થિક અને સામાજિક સિદ્ધાંતો પર કરવામાં આવેલી વ્યૂહાત્મક રોકાણ છે. તેમણે કહ્યું, કર્ણાટક સરકારની યોજનાઓ વિભિન્ન આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠાવવામાં આવેલા ઘણા સામાજિક અને આર્થિક સવાલોનો સશક્ત જવાબ છે.

### તુઘલક લેનનું નામ બદલવાની અટકળો

# ભાજપ સાંસદના દિલ્હી નિવાસની નેમપ્લેટમાં એડ્રેસ બદલાઈ ગયું

## કૃષ્ણપાલ ગુર્જરે તુઘલક લેન પર સ્થિત તેમના નિવાસ સ્થાનની નેમપ્લેટમાં સ્વામી વિવેકાનંદ માર્ગ લખી નાખ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ઔરંગઝેબ પરનો રાજકીય ધમસાણ હજુ શમ્યો ન હતો ત્યારે રસ્તાઓના નામ બદલવાનું રાજકારણ ફરી ગરમાયું હતું. ભાજપના રાજ્યસભા સાંસદ અને યુપીના પૂર્વ ઉપમુખ્યમંત્રી ડૉ. દિનેશ શર્મા અને સહકાર રાજ્ય મંત્રી કૃષ્ણપાલ ગુર્જરે તુઘલક લેન પર સ્થિત તેમના નિવાસસ્થાનની નેમપ્લેટમાં સ્વામી વિવેકાનંદ માર્ગ લખી નાખ્યું છે. જો કે હજુ સુધી આ રોડનું નામ સત્તાવાર રીતે બદલવામાં આવ્યું નથી. સાંસદ દિનેશ શર્મા, તેમના નવા નિવાસસ્થાનમાં તેમના ઘરમાં પ્રવેશનો ફોટો શેર કર્યા હતા. જેમાં તેમના નિવાસસ્થાનની બહારની નેમ પ્લેટ પર મોટા અક્ષરોમાં સ્વામી વિવેકાનંદ માર્ગ લખેલું જોવા મળે છે. તેમજ નીચે તુઘલક લેન ખૂબ જ નાના અક્ષરોમાં લખાયેલું છે. તેમની આ પોસ્ટ બાદ આ મુદ્દો ચર્ચામાં



આવ્યો હતો. અનેક ઐતિહાસિક સ્થળોના નામ બદલવામાં આવ્યા છે. જો દિલ્હીની વાત કરીએ તો અહીં પણ ઘણી મોટી જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે. તેમાંથી કેટલાક બ્રિટિશ શાસન સાથે સંબંધિત છે જ્યારે કેટલાક મુઘલ સમયગાળા સાથે સંબંધિત છે. એવામાં હવે તુઘલક લેનનું નામ પણ બદલી શકાય છે.કારણ કે ભાજપના કેટલાક સાંસદોએ પોતાના સરનામાં પર તુઘલક લેનને બદલે વિવેકાનંદ માર્ગ લખ્યો છે. સૌપ્રથમ તો સરકારે ૭ રેસ કોર્સનું નામ બદલીને લોક કલ્યાણ માર્ગ કરી દઈશું હતું, દલીલ એવી હતી કે ગુલામીની માનસિકતામાંથી મુક્તિ મેળવવી જરૂરી છે.

### ૧.૩૪ લાખ ઈન્ડિયન ડિપેન્ડન્ટ વિઝા સ્ટેટસ ગુમાવી શકે

# એક લાખ ઈન્ડિયન્સ સામે USથી સેલ્ફ-ડિપોર્ટેશનનું તોળાતું જોખમ

## ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત પ્રેસિડેન્ટ બન્યા તે સાથે જ અમેરિકાની ઈમિગ્રેશન સિસ્ટમમાં ભારે ઉથલ-પાથલ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત પ્રેસિડેન્ટ બન્યા તે સાથે જ અમેરિકાની ઈમિગ્રેશન સિસ્ટમમાં ભારે ઉથલ-પાથલ મચી ગઈ છે. ટ્રમ્પ ઈલીગલ ઈમિગ્રન્ટ્સને તો હાંકી જ રહ્યા છે પરંતુ સાથે સાથે લીગલ ઈમિગ્રન્ટ્સ પર પણ તલવાર લટકી રહી છે. અમેરિકામાં લીગલી રહેતા ઈન્ડિયન્સની સંખ્યા ઘણી નોંધપાત્ર છે અને હવે એક લાખથી વધુ ઈન્ડિયન્સ પર સેલ્ફ-ડિપોર્ટેશનનો ખતરો તોળાઈ રહ્યો છે. H-1B વિઝા હોલ્ડર્સના બાળકો જે માઈનોર તરીકે અમેરિકા આવ્યા હતા અને હાલમાં તેઓ ૨૧ વર્ષના થવા આવ્યા છે તેમની સામે સેલ્ફ-ડિપોર્ટેશનનું જોખમ રહેલું છે. કેમ કે ૨૧ વર્ષના થવાની



સાથે જ તેઓ NRI પેરેન્ટ્સના ડિપેન્ડન્ટ નહીં રહે. અમેરિકન પોલિસી પ્રમાણે ડિપેન્ડન્ટનું સ્ટેટસ જતું રહ્યા બાદ તેમને નવું વિઝા સ્ટેટસ મેળવી લેવા માટે બે વર્ષનો સમય આપવામાં આવે છે. પરંતુ હાલમાં ઈમિગ્રેશન નિયમોમાં થયેલા ફેરફારો અને ચાલી રહેલા કોર્ટ કેસના કારણે તેઓ મૂંઝવણમાં મૂકાઈ ગયા છે. માર્ચ ૨૦૨૩ના ડેટા પ્રમાણે લગભગ ૧.૩૪ લાખ ઈન્ડિયન બાળકો તેમના પરિવારોને ગ્રીન કાર્ડ મળે તે પહેલા ડિપેન્ડન્ટ વિઝા સ્ટેટસ ગુમાવી શકે છે. ટેક્સાસમાં તાજેતરમાં કોર્ટે એક ચુકાદો આપ્યો હતો અને તેમાં ડિફર્ડ એક્શન ફોર ચાઈલ્ડહુડ અરાઈવલ્સ (DACA) હેઠળ નવા અરજદારોને વર્ક પરમિટ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેનાથી આ મૂંઝવણ વધી ગઈ છે. DACA એ ૨૧ વર્ષના થઈ ગયા બાદ પોતાના પેરેન્ટ્સના ડિપેન્ડન્ટ હોવાનું સ્ટેટસ ગુમાવનારા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટેશનથી બે વર્ષનું ટેમ્પરરી રક્ષણ પૂરું પાડે છે જેમાં બાળકો પણ સામેલ છે. આ ઉપરાંત રિન્યુઅલની શક્યતા પણ રહેતી હોય છે. આ જોગવાઈ વગર ભારતીય યુવાનોને ડર છે કે તેમનું ભાવિ અનિશ્ચિત બની જશે. આ ઉપરાંત પેરેન્ટ્સ દ્વારા ગ્રીન કાર્ડ માટે અરજી કરવામાં આવી હોય તો આ બાબત વધારે જટીલ બની જાય છે.

### શ્રેયસ અય્યર સાબિત થઈ શકે છે એક્સ ફેક્ટર

# ગિલ, રોહિત કે કોહલી નહીં શ્રેયસ અય્યરથી ડરી રહ્યું છે ન્યૂઝીલેન્ડ

## અય્યરે ૨૦૨૦માં ન્યૂઝીલેન્ડ સામે ત્રણ મેચની વનડે સિરીઝમાં ૧૦૩, ૫૨ અને ૬૨ રનની ઈનિંગ રમી હતી

। (એજન્સી) દુબઈ, તા.૭ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ફાઈનલમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટક્કર થવાની છે. આ ટૂર્નામેન્ટમાં બંને ટીમો ૨૫ વર્ષ પહેલા એટલે કે વર્ષ ૨૦૦૦માં એકબીજાની સામે ફાઈનલમાં હતી અને ત્યારે ન્યૂઝીલેન્ડે ભારતને હરાવી ટ્રોફી પર કબજો કર્યો હતો. હવે કીવી ટીમ ફરી ચેમ્પિયન ન બને તે માટે ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરવું પડશે. આમ તો ટી ઈન્ડિયામાં રોહિત, કોહલી, ગિલ, રાહુલ, હાર્દિક પંડ્યા, શમી જેવા ઘણા સ્ટાર ખેલાડીઓ છે. આ બધા ખેલાડી ટીમ માટે મહત્વના છે, પરંતુ ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી મેચમાં ટીમ ઈન્ડિયા માટે એક્સ ફેક્ટર શ્રેયસ અય્યર સાબિત થઈ શકે છે, જે બ્લેક કેપ્સને સૌથી વધુ નુકસાન પહોંચાડી શકે છે. શ્રેયસ



અય્યરનો રેકોર્ડ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ખૂબ શાનદાર રહ્યો છે અને તેણે વનડેમાં કીવી ટીમ વિરુદ્ધ અત્યાર સુધી ૮ ઈનિંગમાં ૭૦ની એવરેજની સાથે ૫૬૩ રન બનાવ્યા છે, જેમાં તેની સ્ટ્રાઈક રેટ ૧૦૦થી ઉપર છે. ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ તેના રેકોર્ડની સૌથી ખાસ વાત તેની ૭૦ની એવરેજ છે. કોઈ અન્ય ટીમ વિરુદ્ધ તેની એવરેજ આટલી સારી નથી. કીવી ટીમ વિરુદ્ધ અય્યર સારૂ પ્રદર્શન કરે છે અને વર્ષ ૨૦૨૦માં ન્યૂઝીલેન્ડ સામે ત્રણ મેચની વનડે સિરીઝમાં ૧૦૩, ૫૨ અને ૬૨ રનની ઈનિંગ રમી હતી. શ્રેયસ અય્યરે ૨૦૨૨માં ન્યૂઝીલેન્ડ સામે બે વનડે મેચ રમી હતી જેમાં તેણે ૮૦ અને ૪૯ રન બનાવ્યા હતા.

## તંત્રી લેખ...

# ભારતમાં પ્રજનન દર ઓછો થઈ રહ્યો છે

ભારત ભલે હાલમાં યુવાનોનો દેશ ગણાતો પણ ટૂંક સમયમાં જ ભારત કેટલાક જાણીતા દેશોની જેમ ઘરડાઓ અને વૃદ્ધોના દેશ તરીકે પણ જાણીતો થવાનો છે. માત્ર બે દાયકા બાદ ભારતમાં વૃદ્ધોની વસતી મોટા પ્રમાણમાં જોવા મળશે. તાજેતરમાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, ભારતમાં હાલમાં કુલ વસતીમાંથી ૧૫ કરોડ લોકો ૬૦ વર્ષ કે તેનાથી વધારે ઉંમરના છે. આગામી સમયમાં આ આંકડો વધતો જશે. વર્ષ ૨૦૫૦માં ભારતની વસતીમાંથી ૨૧ ટકા લોકો એટલે કે અંદાજે ૩૫ કરોડ લોકો વૃદ્ધો હશે. ભારતમાં પ્રજનન દર ઓછો થઈ રહ્યો છે અને વૃદ્ધોની સંખ્યા વધી રહી છે. દેશમાં વધતી વૃદ્ધોની સંખ્યા ભારતના વિકાસ અને અર્થતંત્ર ઉપર મોટાપાયે નકારાત્મક અસર ઊભી કરે છે. સૂત્રોના મતે આ જે સ્થિતિ ઊભી થઈ છે તે ભારતને વિકસિત દેશ બનવાની દિશામાં અવરોધ ઊભો કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, ભારતનો તાજેતરમાં જ પ્રજાસત્તાક દિવસ ઉજવાયો છે. ૭૫ વર્ષના આ સમયચક્રમાં ખૂબ જ મોટા ફેરફાર આવ્યા છે. તે સમયે દેશની જે વસતી હતી તેના કરતાં અત્યારે તોતિંગ વસતી થઈ ગઈ છે. આ ઉપરાંત એ વખતે ભારતમાં લાઈફ એક્સપેક્ટન્સી એટલે કે સરેરાશ આયુષ્ય જે ૪૧.૨ વર્ષ હતું તે હવે ૭૨ વર્ષ સુધી પહોંચી ગયું છે. આ આંકડો કોઈપણ સામાન્ય અને સ્વસ્થ વ્યક્તિના સરેરાશ આયુષ્યના આંકડાને દર્શાવે છે. ભારત જેવા અધધ વસતી ધરાવતા દેશ માટે આમ તો આ આંકડો એક સિદ્ધિ સમાન છે. ૧.૪૦ અબજ લોકોની વસતી ધરાવતા દેશમાં સરેરાશ આયુષ્ય વૈશ્વિક સરેરાશ કરતાં માત્ર ૧ જ વર્ષ ઓછું હોય તે મોટી બાબત છે. હાલમાં ભારતની વસતીમાંથી અડધી વસતી ૨૯ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરની છે. એટલે કે અંદાજ ૭૦ કરોડ લોકો યુવાન છે તેમ કહી શકાય. આ મોટી સંખ્યા જ ભારતના આર્થિક વિકાસને વેગ આપી રહી છે. એક અહેવાલ પ્રમાણે છેલ્લાં અઢી દાયકામાં પ્રત્યેક વ્યક્તિ દીઠ જીડીપીની વૃદ્ધિ વાર્ષિક ૦.૭ ટકાના સરેરાશથી થઈ છે. તેમાં હવે પરિવર્તન આવ્યું છે. ભારતમાં પહેલા વખત વૃદ્ધોની સંખ્યા વધતી જોવા મળી રહી છે. હાલમાં ભારતમાં ૧૫ કરોડ વૃદ્ધો છે જે અઢી દાયકા બાદ ૩૫ કરોડની આસપાસ પહોંચી જશે. વૃદ્ધોની સંખ્યા અમેરિકાની હાલની વસતી કરતાં પણ વધારે હશે. તેના કારણે જ ભારતીય અર્થતંત્રની રફતાર ઘટવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કર્ણાટકમાં બેંગાલુરુમાં શ્રી વિશ્વેશતીર્થ મેમોરિયલ હોસ્પિટલનું ઉદઘાટન કર્યુ

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે કર્ણાટકમાં બેંગાલુરુમાં શ્રી વિશ્વેશતીર્થ મેમોરિયલ હોસ્પિટલનું ઉદઘાટન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આજે ૧૫૦ પથારીની મલ્ટી સ્પેશિયાલિટી શ્રી  વિશ્વેશાથિરથ મેમોરિયલ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્ણાટકના બેંગાલુરુમાં રૂ.૬૦ કરોડના ખર્ચે ૨ એકર જમીનમાં કરવામાં આવ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો  કે, સમાજનાં ગરીબ અને વંચિત વર્ગો માટે નિઃશુલ્ક સારવાર માટેનું આ આધુનિક કેન્દ્ર આગામી ઘણાં વર્ષો સુધી લોકોની સેવા કરશે. તેમણે જણાવ્યું હતું કે, આ હોસ્પિટલમાં ૬૦ ટકા બેડ ગરીબો માટે અનામત રાખવામાં આવ્યા છે અને આ કેન્દ્ર અનેક અત્યાધુનિક સેવાઓથી સજ્જ છે. શ્રી શાહે ઉલ્લેખ કર્યો હતો  કે, શ્રી કૃષ્ણ સેવા આશ્રમ ટ્રસ્ટે સમાજનાં ગરીબ અને વંચિત વર્ગોની સેવા માટે હંમેશા કામ કર્યું છે. તેમણે નોંધ્યું હતું કે, આ ટ્રસ્ટની સ્થાપના પૂજ્ય શ્રી વિશ્વેશતીર્થ સ્વામીજીએ કરી હતી અને આજે તેમનાં ઉત્તરાધિકારી શ્રી વિશ્વસંતર્થ સ્વામીજી આ પરંપરાને આગળ ધપાવી રહ્યાં છે. તેમણે  ઉમેર્યું હતું કે, શ્રી કૃષ્ણ ચિકિત્સા કેન્દ્ર, શ્રી કૃષ્ણ નેત્રાલય, દંત ચિકિત્સા કેન્દ્ર અને શ્રી વિશ્વસંતર્થ મેમોરિયલ ક્લિનિકની સ્થાપના  કરવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બેંગાલુરુમાં ગરીબો માટે આનાથી વધારે સારું સારવાર કેન્દ્ર અન્ય કોઈ ન હોઈ શકે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે પેજાવર મઠ માત્ર કર્ણાટક અને દક્ષિણ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં એક અગ્રણી મઠ છે, જે પ્રકાશના  દીવાદાંડી તરીકે કામ કરે છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, શ્રી  વિશ્વેશતીર્થનાં નેતૃત્વમાં પેજાવર મઠે રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા, બળજબરીથી ધર્માંતરણ અટકાવવા, રામમંદિર આંદોલનને ટેકો આપવા તથા સમગ્ર દક્ષિણ ભારત અને રાષ્ટ્રમાં હિન્દુત્વ અને સનાતન ધર્મની સેવા કરવાનાં લાંબા  ગાળાનાં પ્રયાસો માટે દેશભરમાં સન્માનનીય સ્થાન મેળવ્યું છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, ઉડુપીમાં સ્થિત પેજાવર મઠ આઠ મઠોમાંનું એક છે અને શ્રી માધવાચાર્યનાં ઉપદેશોને અનુસરીને ભગવાન કૃષ્ણની ભક્તિનાં માર્ગે અનેક લોકોને માર્ગદર્શન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. શ્રી અમિત શાહે  જણાવ્યું હતું કે, શ્રી વિશ્વેશતીર્થ સ્વામી જેવા સંતને શોધવાનું આજના સમયમાં ઘણું જ દુર્લભ છે. તેમણે જણાવ્યું હતું કે, સ્વામીજીએ સમાજ, ધર્મ  અને સમુદાય માટે પોતાનું જીવન જીવ્યું હતું, ૮ વર્ષની વયે સંન્યાસ લીધો હતો અને તેમના જીવનના આઠ દાયકા આધ્યાત્મિકતાને સમર્પિત કર્યા હતા. તેમણે  ઉમેર્યું હતું કે, સ્વામીજી માત્ર હિંદુ ધર્મની સેવા કરવામાં જ નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રની સેવા કરવામાં પણ હંમેશા અગ્રેસર રહ્યા છે. શ્રી  નરેન્દ્ર મોદીએ ૨૦૨૦માં સ્વામીજીને પદ્મ વિભૂષણથી નવાજ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સ્વામીજીએ હંમેશા રાષ્ટ્રીય એકતા માટે કામ કર્યું  છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, દક્ષિણ ભારતમાં હિંદુ સમાજનું જ્ઞાતિઓમાં વિભાજન અટકાવવામાં સ્વામીજીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે  ઉમેર્યું હતું કે, સ્વામીજીએ તેમનું સંપૂર્ણ જીવન શિક્ષણ, સેવા, આરોગ્ય સેવા અને વેદોના પ્રચાર-પ્રસાર માટે સમર્પિત કરી દીધું હતું. શ્રી શાહે એમ  પણ કહ્યું હતું કે, સ્વામીજીએ ધાર્મિક ઉપદેશોને આધુનિક શિક્ષણ સાથે જોડવાનું કામ કર્યું હતું. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આજે સ્વામીજીની પરંપરા ચાલુ છે અને ઉડુપી મઠ દેશ માટે મોટી અપેક્ષાઓ ધરાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રામ મંદિરમાં ભગવાન રામના અભિષેકની ધાર્મિક વિધિઓમાં પેજાવર મઠ્ઠએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે શ્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૪માં ભારતનાં પ્રધાનમંત્રી બન્યાં  હતાં, ત્યારે તેમને આશીર્વાદ આપવા માટે દિલ્હી ગયેલાં અગ્રણી સંતોમાં સ્વામીજીનાં એક હતાં.

**શંકર સ્વામીએ બ્રહ્મા સત્ય અને જગત મિથ્યા કહ્યું છે, શબ્દમાં થોડો ભેદ છે પણ તત્ત્વમાં ભેદ નથી, જ્ઞાનીઓના વિવર્તવાદ અને વૈષ્ણવોનો પરિણામવાદ છે**

# શ્રીકૃષ્ણ દુર્યોધન અને અર્જુનમાં સમભાવ રાખે છે, તેથી શ્રીકૃષ્ણ ગૃહસ્થાશ્રમી નથી, આદર્શ સંન્યાસી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભગવાનની પૂજા મંદિરમાં થાય છે એવું નથી, ઈશ્વર તો સર્વવ્યાપક છે, એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે, કોઇ પણ જીવ ને સુખ-સંતોષ આપો એ પણ પૂજા છે,કારણ કે દરેક જીવ ઈશ્વર નો જ અંશ છે, જીવ અને ઈશ્વર જુદા નથી, સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે, સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે.**

આપણે ફાગણ માર્ચના હવામાનમાં ગરમી ઠંડીનો અચાનક અનુભવ કરતા થયા છીએ.ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાનની પૂજા મંદિરમાં થાય છે એવું નથી. ઈશ્વર તો સર્વવ્યાપક છે. એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે.કોઇપણ જીવ ને સુખ-સંતોષ આપો એ પણ પૂજા છે,કારણ કે દરેક જીવ ઈશ્વર નો જ અંશ છે. જીવ અને ઈશ્વર જુદા નથી.સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે. સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે, તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે.જીવ ઈશ્વરમાં જે ભેદ છે એ ડાંગર અને ચોખા જેવોછે.ડાંગર અનેચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે,ડાંગરનો નથી થતો.ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છે ત્યારે એ ચોખ્ખો બને છે. એમ જીવ પણ તપ અને ભક્તિ કરે ત્યારે એ પરમાત્મા બને છે.માટે સર્વ શરીરમાં ચૈતન્ય રૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે.તમે કોઈને સુખ ન આપો તો કંઈ વાંધો નહીં,પણ કોઈને દુઃખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છે એ કઈ રીતે પરમાત્મા ની પૂજા કરી શકવાનો છે? મનને પાવન કરનારી ભરતજીની કથા હવે પાંચમા સ્કંધમાં કહેવાશે. શ્રી શુકદેવજી ફરીફરીને કહે છે કે, શ્રીમદ્ ભાગવતની કથા સાત દિવસમાં મુક્તિ આપનારી છે. વક્તા અધિકારી હોય અને શ્રોતા સાવધાન થઈ સાંભળે,તો ધીરે ધીરે સંસારના વિષયોમાં અરુચિ જાગે છે અને પરમાત્મા પ્રત્યે રુચિ જાગે છે. પરમાત્મા પ્રત્યે પ્રેમભાવ જાગે તો સાત દિવસમાં મુક્તિ મળે એવી આ કથા છે. ભાગવતની કથા સાંભળ્યા પછી મુક્તિ ન મળે તો માનવું કે, પૂર્વ ચિત્તિ અપ્સરા મારા મનમાં બેઠી છે.એ પૂર્વચિત્તિ એટલે શું?પૂર્વચિત્તિ એટલે પૂર્વજન્મમાં જે વિષયો ભોગવેલા તે ચિત્તમાં રહેલો છે. એ મનુષ્ય સુખદુઃખ ભોગવી પ્રારબ્ધનો નાશ કરે છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરે છે. મનુષ્ય આ જન્મમાં બીજા જન્મ ની તૈયારી કરે છે.તેથી જ્ઞાનીઓ સંસર્ગદોષથી દૂર રહે છે. જગતમાં જે કાંઈ દેખાય છે, તે બધું મિથ્યા છે.એ જ્ઞાની પરમ હંસની નિષ્ઠા છે.જગતને મિથ્યા માનવાથી વૈરાગ્ય આવે છે. સંસારને સાચો માનવાથી મોહ થાય છે.જગતમાં જે દેખાય છે તે મિથ્યા છે પણ આ સર્વને જાણ નારો આત્મા સત્યરૂપ છે. જ્ઞાનીઓ દશ્ય વસ્તુમાં મનનેજવા દેતા નથી, પણ આ સર્વના સાક્ષી પરમાત્મામાં દ્રષ્ટિ સ્થિર કરે છે. મનને સત્તા મળે છે. આત્મસ્વરૂપ માંથી મનને સ્વતંત્ર શક્તિ નથી. આત્મા એ મનનો દ્દષ્ટા છે,સાક્ષી છે.ઋષભદેવ મનને દશ્યમાં જવા દેતા નથી અને મનને ઈશ્વરમાં સ્થિર કરે છે. મન ઈશ્વર માં મળી જાય છે તેથી સુખ દુઃખ થતાં નથી.દશ્યમાંથી મન હટી જાય પછી તે દ્દષ્ટામાં મળી જાય છે. મનનો ઈશ્વરમાં લય થાય તો મુક્તિ મળે છે. જ્ઞાની પુરુષોને સંસાર બાધક થતો નથી, કારણ કે જ્ઞાની પુરુષો સ્વેચ્છાથી જીવતા નથી, તે અનિચ્છાથી પ્રારબ્ધથી જીવે છે. ત્યારે ભાગવત પરમહંસોભાગવત ઈચ્છા-પ્રારબ્ધથી જીવે છે.આ બંનેની નિષ્ઠા એક જ છે,પણ માર્ગ જુદો જુદો છે.જ્ઞાની જગતને અસત્ય માને છે. ભાગવતો જગત ને સત્ય માને છે. જ્ઞાની અને ભાગવત પરમહંસનું લક્ષ્ય તો એક જ છે; પણ સાધનો જુદાં જુદાં છે. જ્ઞાની પરમહંસ જગતને મિથ્યારૂપે જુએ છે. ભાગવત પરમહંસ જગતને વાસુ દેવ સ્વરૂપે જુએ છે.એ માને છે કે, આ જગત બધું વાસુદેવમય છે. શંકર સ્વામીએ બ્રહ્મા સત્ય અને જગત મિથ્યા કહ્યું છે. શબ્દમાં થોડો ભેદ છે પણ તત્ત્વમાં ભેદ નથી. જ્ઞાનીઓના વિવર્તવાદ અને વૈષ્ણવોનો પરિણામવાદ છે. જ્ઞાનીઓનો વિવર્તવાદ છે. એ કહે છે કે, દૂધનું દહીં થાય છે, દહીં એ દૂધ નથી.ભાગવતો કહે છે કે, જગતનું જે ઈશ્વરમાંથી પરિણામ થયું છે, તે દહીં જેવું નહીં,પરંતુ સોનાની લગડીનો દાગીનો બનાવ્યો હોય તેના જેવું છે. સોનાની લગડી હતી ત્યારે પણ સોનું અને તેનો દાગીનો બનાવ્યો હોય ત્યારે પણ સોનું. દાગીનાના સુવર્ણમાં અને સોનાની લગડીના સુવર્ણમાં કાંઈ ભેદ નથી.જગત એ બ્રહ્માનું પરિણામ છે,તેથી સત્ય છે. શંકરાચાર્ય કહે છે,નામરૂપ મિથ્યા છે. બાકી રહે તે સત્ય છે. એટલે કે માટી સત્ય કહેવાય, ઘડો સત્ય નહીં. તે પ્રમાણે જગત સત્ય નથી. વૈષ્ણવ જગતને બ્રહ્મરૂપ માની જગતના પ્રત્યેક પદાર્થને બ્રહ્મરૂપે નિહાળે છે અને જગતના પ્રત્યેક પ્રેમ કરે છે.જ્ઞાની પુરુષો જગતને મિથ્યા માની જગતના પદાર્થો સાથે પ્રેમ કરતા નથી. તેઓ કેવળ ઈશ્વર સાથે પ્રેમ કરે છે  વિકાર-વાચનાનો વિનાશ કરે છે. શરીર વિષ્ટા કે મળમાં આ ભાજી જઈ એમ માની દેહનો મોહ છોડી જ્ઞાની પરમાત્મામાં લીન થાય છે, ત્યારે વૈષ્ણવો આખું જગત બ્રહ્મ રૂપ વસ્તુ માત્રને સીયારામ સમજી વંદન કરે છે.જ્ઞાની પરમહંસોનો માર્ગ સાધારણ ગૃહસ્થ માટે અઘરો છે. વૈષ્ણવોનો માર્ગ આપણા માટે સુલભ છે. જગત બ્રહ્મરૂપ છેએ માનવું સહેલું છે, પણ જે દેખાય છે તેને મિથ્યા માનવું અથરું છે.વિષ્ટા-મૂત્રથી ભરેલું પૂતળું સમજી જ્ઞાની સ્ત્રીમાંથી મન હટાવશે.તે સ્ત્રીને તિરસ્કારથી જોશે પણ વૈષ્ણવ સ્ત્રીનેલક્ષ્મી દેવી સમજશે,ને નિર્વિકાર થઈ તેને નમન કરશે. વૈષ્ણવ સ્ત્રીને સદભાવ થી જોશે. કોઈ વસ્તુમાં તિરસ્કાર રાખવા કરતાં તેનામાં ભાગવત ભાવ રાખી નિર્વિકારરૂપે વંદન કરવું સારું છે.મહાપ્રભુજી કહે છે કે, પ્રત્યેક પદાર્થ શ્રીકૃષ્ણનો અંશ છે, પરંતુ આ ખંડનમંડનની ભાંજગડ માં પડવાથી રાગદ્વેષ ઊભા થાય છે. જ્ઞાની પરમહંસ જ્ઞાનથી ઉપદેશ આપે છે,જ્યારે ભાગવતપરમહંસ ક્રિયાથી ઉપદેશ આપે છે. તેની પ્રત્યેક ક્રિયા ઉપદેશ રૂપે હોય છે, જડભરતની જેમ. જ્ઞાની પરમહંસ નો આદર્શ ઋષભદેવજી બતાવે છે. ભાગવત પરમ હંસનો આદર્શ ભરતજી બતાવે છે. ઋષભદેવ પાગલ જેવા થઈ જગતમાં ભ્રમણ કરે છે.તે સર્વ સંગનો ત્યાગ કરશે.તેમને દેહાધ્યાસ જ નથી.ભરતજી સર્વ માં ઈશ્વરનો ભાવ રાખી સર્વની સેવા કરશે. ભરતજી કહેશે હું સચરાચરનો સેવક છું. પંચમ સ્કંધએ ભાગવતનું બ્રાહ્મણ એટલેકે ભાષ્ય,વ્યાખ્યા છે.બીજા સ્કંધમાં ગુરુએ સાધન આપ્યું તે પછી જ્ઞાન આપ્યું.જ્ઞાનને જીવનમાં કેવી રીતે ઉતારવું તે ત્રીજા અને ચોથા સ્કંધમાં સર્ગ- વિસર્ગ લીલામાં બતાવ્યું. હવે પ્રશ્ન એ છે કે એ જ્ઞાનને સ્થિર કેમ કરવું?એ પાંચમા સ્કંધમાં સ્થિતિ લીલામાં બતાવ્યું છે. સ્થિતિ એટલે પ્રભુનો વિજય.સર્વ સચરાચર પ્રભુની મર્યાદામાં છે. ઈચ્છા ન હતી.તેમ છતાં તેમણે લગ્ન કેમ કર્યું? ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં તેણે સિદ્ધિ કઈ રીતે પરીક્ષિત રાજા આરંભમાં પ્રશ્ન કરે છે, મનુ મહારાજના પુત્ર પ્રિયવ્રત રાજાને લગ્ન કરવાની પ્રાપ્ત કરી? કેવી રીતે એની શ્રીકૃષ્ણમાં દઢ ભક્તિ થઈ? ઘર એ ભક્તિમાં બાધક થાય છે. ગૃહસ્થ ઘરમાં શત્રુ, મિત્ર,ચોર શેઠ સર્વોમાં સંભાવના રાખી શકતો નથી. શ્રી કૃષ્ણનો ગૃહસ્થાશ્રમ એવો હતો કે સર્વમાં તેઓ સમભાવ રાખે છે શ્રીકૃષ્ણને આંગણે એક વખતે દુર્યોધન મદદ માગવા આવ્યો અગાઉ દુર્યોધને શ્રીકૃષ્ણનું અપમાન કર્યું છે છતાં નફફટ થઈ મદદ માંગવા આવ્યો છે. સાધારણ મનુષ્યે કરેલું અપમાન ભૂલશે નહીં પણ આંગણે દુર્યોધન આવ્યો તો તેને મદદ આપવા શ્રીકૃષ્ણ તૈયાર થયા છે. અર્જુન પણ મદદ માગવા આવેલો. શ્રીકૃષ્ણ કહે, હું બંનેને મદદ કરીશ. એક પક્ષમાં મારી નારા યણી સેના અને એક પક્ષમાં હું અસ્ત્ર શસ્ત્ર વગર રહીશ. દુર્યોધને વિચાર્યું કે, આ તો વાતો કરશે. મને વાતો કરનારની જરૂર નથી. યુદ્ધ કરનારની જરૂર છે. માગ્યું કે મને નારાયણી સેનાની જરૂર છે. દુર્યોધને સેના માગી.અર્જુને શ્રી કૃષ્ણ માગ્યા.આ પ્રમાણે શ્રીકૃષ્ણ દુર્યોધન અને અર્જુનમાં સમભાવ રાખે છે.તેથી શ્રીકૃષ્ણ ગૃહસ્થા શ્રમી નથી,આદર્શ સંન્યાસી છે. ઘરમાં ભક્તિ થતી નથી.અનેક પ્રકારના વિક્ષેપ, ઉપાધિ આવે છે. ગૃહસ્થાશ્રમમાં ભક્તિમાં વિઘ્ન આવે છે, તેથી પ્રિયવ્રત રાજાએ વિચાર્યું કે,મારે આ વ્યવહાર છોડી દેવો છે. પરમાર્થમાં અભેદ બુદ્ધિ અને વ્યવહારમાં ભેદબુદ્ધિ રાખવી પડેછે.ભેદભાવથી બધા દોષ આવે છે. ભેદભાવ હોય તો કામ,ક્રોધ,રાગદ્વેષ વિકારો આવે છે.જ્ઞાની પુરુષો સર્વને અભેદ ભાવથી જુએ છે. વ્યવહાર અને પરમાર્થને એક કરવો કઠણ છે. ભેદભાવથી વ્યવહારમાં વિષમતા અને વેર ઉત્પન્ન થાય છે,તેથી જ્ઞાનીઓ સર્વ પ્રવૃત્તિ છોડીને એકાંતમાં ભક્તિ કરે છે. વાચક ચાહક મિત્રો આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ ત્યારે ફાગણ માસ ચાલી રહયો છે ખેડૂતો રવિપાક લેવામાં મશગૂલ અને વિદ્યાર્થી ભાઈ બહેનો પરિક્ષા આપવામાં આપણે પણ ચિંતન મનન કરી ધન્યતા અનુભવીએ.

**સ્ત્રી શિક્ષણ અને તેની સિદ્ધિ બધું જ બરોબર છે, પણ હજી દરેક સ્ત્રી માટેનો સમાજનો નજરિયો સમાન નથી! અને એ મુદે હજી અવરનેસની ખૂબ જરુર છે**

# મહિલા માટે જ્યાં સુધી 'પોતાની' અને 'પારકી' એવો ભાવ રહેશે ત્યાં સુધી એ સુરક્ષીત નથી!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સમાજમાં બધા જ આવી જાય છે, એ રીતે જોઈએ તો અહીં સ્ત્રીની દુશ્મન સ્ત્રી પણ હોય શકે છે! અને એ સૌ કોઇ જાણે જ છે, હા અમુક રીતે સમાજમાં જાગૃતિ આવી છે ખરી, અને હવે દરેક વર્ગના લોકો સ્ત્રી શિક્ષણનું મહત્વ સમજીને પોતાની દિકરીને ભણાવે પણ છે, અને ક્યાંક કોઈ બેન દિકરી સાથે દુષ્કર્મ થાય, તો થોડે ઘણે અંશે અવાજ પણ ઉઠાવે છે.**

આજે ૮ માર્ચ છે અને મહિલા દિવસ આવી ગયો. આપણે વીમન્સ વીકમા ઘણા પાસાં પર વાત કરી અને સમાજની પુત્રી તેમજ પુત્રવધૂ ને ટકોર પણ કરી, પરંતુ આપણે આજે સમાજ દર્શનમાં હજી મહિલા દિવસ અંતર્ગત રહી ગયેલ એક પાસા પર વાત કરીશું, કારણકે આપણે જોયું એમ પરિવારની વહુ દિકરી પ્રત્યે કુણું વલણ રાખી શકાય અથવા તો ઘણું બધું સ્વીકારી શકાય છે, પણ અન્ય સ્ત્રીને એટલું માન કે મહત્વ આપી શકાતું નથી!  અથવા તો દરેક સ્ત્રીના ન્યાય માટે બહુ વિચારતાં નથી, માટે આજનાં દિવસ નિમિતે દરેક મહિલાને તેમના અધિકારોની સાથે સાથે પુરતું માન સન્માન અને પવિત્ર પ્રેમ મળે એવી શુભેચ્છા. મહિલા દિવસે ઠેરઠેર મહિલાઓ પોતાના વિચારો રાખી શકે, એ રીતનાં કાર્યક્રમનું આયોજન કરાશે, અને મહિલાના સન્માન થશે. કેવું રુપાળુ લાગે છે આ બધું! ક્યાંક ક્યાંક તો આ દ્રશ્યો કેમેરામાં કેદ પણ થશે! પરંતુ એક પ્રશ્ન થાય કે, શું સાચે જ આજનો સમાજ દરેક મહિલાને માન સન્માન આપે છે ખરો? સ્ત્રી શિક્ષણ અને તેની સિદ્ધિ બધું જ બરોબર છે,પણ હજી દરેક સ્ત્રી માટેનો સમાજનો નજરિયો સમાન નથી! અને એ મુદે હજી અવરનેસની ખૂબ જરુર છે. સુધરેલો સમાજ વાતો તો બહુ મોટી મોટી કરી જાણે છે,પણ હકીકતમાં શું તેની નજરમાં પોતાનાં ને પરાયાંનો ભેદ નથી હોતો?? સામાજીક રીતે બધી જ મહિલાઓ ને એક નજરે જોવામાં નહીં આવે, ત્યાં સુધી મહિલા સાથે થતાં અત્યાચારોમાં કોઈ ફેર પડવાનો નથી. અહીં મેં સમાજ શબ્દનો ઉપયોગ કર્યો છે, પુરુષ કે અન્ય કોઈનાં નામ નથી, સમાજમાં બધા જ આવી જાય છે, એ રીતે જોઈએ તો અહીં સ્ત્રીની દુશ્મન સ્ત્રી પણ હોય શકે છે! અને એ સૌ કોઇ જાણે જ છે. હા અમુક રીતે સમાજમાં જાગૃતિ આવી છે ખરી, અને હવે દરેક વર્ગના લોકો સ્ત્રી શિક્ષણનું મહત્વ સમજીને પોતાની દિકરીને ભણાવે પણ છે, અને ક્યાંક કોઈ બેન દિકરી સાથે દુષ્કર્મ થાય, તો થોડે ઘણે અંશે અવાજ પણ ઉઠાવે છે, પરંતુ આ બધું ઘટના ઘટી ગયા પછીનું છે. આવી ઘટનાઓ હવે છાશવારે બને છે, અને સમાજ જાણે ટેવાઈ ગયો હોય, તેમ સરઘસ કાઢે નારા લગાવે, નીજી પરિવાર પોલીસ ચોકી સામે ઉપવાસ પર બેસે, ન્યાય માટે માગણી થાય,પણ સરકાર તરફથી આવી ઘટના ઘટે નહી એ માટે નક્કર પગલાં ભરાતાં નથી, કે નથી આરોપી ને તાત્કાલિક સજા થતી. સમાજ તરફથી પણ ઠોસ સબૂત આપીને અપરાધીને પકડાવવા માટે સબૂત આપવામાં આવતાં નથી, તેથી આવાં કિસ્સા અટકતા નથી,અને આરોપીને પણ મને કંઈ જ થવાનું નથી; એમ વિચારી આવી ઘટના વધુ ને વધુ થાય છે. વારંવાર ઘટતી આવી ઘટના ચોક્કસ પણે ઘટાડવી હોય તો, જે તે વ્યક્તિ એ આવું દુષ્કર્મ કર્યું હોય, તેનો પરિવાર તેને છાવરવાની બદલે સજા થાય, એવાં મતનો બને, અને સામેથી પોલીસને સોંપી દે, તો કંઈક અંશે ઘટાડો થાય. ઉપરાંત જે નારી સાથે આવી કોઈ પણ શરમજનક ઘટના ઘટી હોય, તેણે પણ કહેવાતી આબરૂ કે ઈજ્જતને નામે, ચૂપ રહ્યા વગર ન્યાય માટે આગળ આવવું જોઈએ, અને આ માટે તેના પરિવાર એ પણ મહિલાને સાથ આપવો જોઈએ. સમાજમાં આમ જુવો તો, ઉપરછલ્લી જાગૃતિ આવી છે એવું લાગે.કારણ કે સૌને પોતપોતાની માતા પત્ની બહેન કે પુત્રીને માન સન્માન આપવું છે, પરંતુ એ જ ઉંમરની અન્ય મહિલા સાથે જે ઘટના ઘટે એમાં મારે શું? એવું આજે પણ હજી બધાં વિચારે છે!એને પરિણામે આવાં કિસ્સા લગાતાર વધે છે.  એકવીસમી સદીમાં પહોંચી ગયાની વાત જ છે, બાકી મહિલા માટેની માનસિકતામાં હજી જોઈએ તેવો ફેર પડ્યો નથી. મહિલા ગમે તેટલી સફળ હોય, તે સ્વતંત્ર આજે પણ નથી,કદાચ ક્યાંક તે સ્વતંત્ર હોય તો સુરક્ષિત તો બિલકુલ નથી.ઘરની બહાર તો અમુક પ્રકારના અત્યાચાર થાય,પણ આતો ઘરમાં પણ ઘરેલુ હિંસા અટકવાનું નામ નથી લેતી. ઘણી વખત વિચાર આવે કે મહિલાને સુશિક્ષિત કરીને શું ફાયદો થયો, બુદ્ધિ વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો કદાચ મહિલા દરેક ક્ષેત્રમાં સફળ  થઈ છે,પણ સમાજની હજી પણ ૫૦% મહિલા ઘરમાં માન સન્માનનું સ્થાન મેળવી શકી નથી. પહેલા તો સાવ નીચલા વર્ગમાં જ આવું બનતું, પરંતુ હવે તો કહેતા પણ શરમ આવે એવાં એજ્યુકેટેડ ફેમિલીમાં પણ શંકાને કારણે આવું બધું થતું જોવા મળે છે, જોકે ૨૦/૨૫ ટકા રૂપે ક્યાંક ક્યાંક સ્ત્રીઓ પણ સ્વછંદ થતી જાય છે. મૂળ વાત જ્યાં સુધી સમાજનો એક એક વ્યક્તિ ઘરની અને બહારની મહિલાને સરખું માન સન્માન નહીં આપે, ત્યાં સુધી મહિલાનું સમાજમાં આ રીતે જ અપમાન થતું રહેશે. દરેકે જણાએ પોતાની જાતને સવાલ કરવો રહ્યોં, કે જે માન તે માતાને આપે છે, એટલું જ માન તે સમાજની અન્ય મહિલાને આપે છે?  જ્યાં સુધી સમાજની માતા, પત્ની, બહેન, અને પુત્રીને ઘર પરિવારની મહિલાની જેમ જોવામાં ન આવે, એને પણ  ઈશ્વરે એક સંવેદના ભર્યું હૃદય આપ્યું છે, એવું વિચારવામાં ન આવે ત્યા સુધી, આવાં સમારંભ અને મહિલાનાં માન સન્માનનાં કાર્યક્રમ નકામા છે. સ્ત્રી ચરિત્રની દુહાઈ દેતો ભારતીય સમાજ સ્ત્રીના ચરિત્ર સાથે પોતે ગમે તેવા ચેડાં કરી શકે,પણ પોતાની સ્ત્રીનાં ચરિત્ર પર ભરોસો કરવાનો વારો આવે તો તરત શંકા કરે છે, એની પર ગમે તેવા આક્ષેપ મુકવામાં પણ એ પાછી પાની કરતો નથી. સમાજમાં દિવસે દિવસે સાઈબર ક્રાઈમની સંખ્યા જે રીતે વધે છે, એ જોતાં એવું લાગે કે, ઘણીવાર પોતાનો કોઈ જ દોષ ન હોવા છતાં, તેણે બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે, ત્યારે આપણને એમ થાય કે જો થોડો વિશ્વાસ પતિ પોતાની પત્ની પર રાખે, તો કદાચ આવા કિસ્સામાં ઘટાડો થાય ખરો. મનોરંજનના બધા જ માધ્યમ પરથી મહિલાનો વિકાસ થાય એ રીતે ફિલ્મ, નાટક, કે સીરિયલ બનાવવામાં આવે છે. હેલ્લારો ફિલ્મમાં એકબાજુથી કુળદેવીને પૂજવામાં આવે,અને ઘરની મહિલાઓ ને જે રીતે કેદમાં રાખવામાં આવતી એ મર્મ સમજાવ્યો છે, એ દ્રષ્ટિકોણ અદભૂત છે. આજે દરેક પિતા પોતાની પુત્રી માટે સુંદર સ્વપ્ન જુવે છે, પણ એની પત્ની પણ કોઈની દિકરી છે, એ વાત એ આસાનીથી ભૂલી જાય છે. દિકરી જુવાન થતાં સુંદર જીવનસાથીનું સ્વપ્ન જુવે છે, અને જીવનસાથી સંગે ઉંચે આકાશમાં ઉડવાનું સ્વપ્ન પણ જુવે છે, પરંતુ શું સમાજ દરેક દિકરીનું આ સ્વપ્ન પુરૂ થાય એમાં મદદરૂપ થાય છે ખરો? ઘણીવાર એવું પણ જોવા મળે છે કે મહિલાની માનહાનિ તેનાં અંગત સ્વજનો દ્વારા થતી પણ જોવા મળે. ઘર પરિવારમાં જે હોય તે, પરંતુ આ બાબત પર બધી જ મહિલા એ એક થવું પડશે! માત્ર અધિકારને મુદ્દે નહીં પણ સાચાં અર્થમાં સમાનતા ને સન્માન મળવું જોઈએ. જો સમાજનો સાચે વિકાસ કરવો હોય તો આ પાસા પર વિચારવું જોઈએ. પુરુષ હોય કે મહિલા તેને જન્મ દેનાર તો આખરે એક મહિલા જ છે એ વાત પણ યાદ રાખીને દરેકે દરેક જણાં એ મહિલાને માન-સન્માન આપવું જોઈએ, આવા ભાષણો પણ કેટલા એ આજ સુધી કર્યા હશે, પરંતુ સમાજની માનસિકતામાં કોઈ ફેર નથી. આ ઉપરાંત મહિલા એ પણ માત્ર અધિકારની સાથે સાથે ફરજ પણ નીભાવી પડશે, અને અને થોડું જતું કરવાની ભાવના પણ કેળવવી પડશ, તો જ સાચે આપણે ૨૧મી સદી તરફ આગેકૂચ કરી છે એમ કહી શકાય. દરેકે દરેક જણાયે મહિલાને માન-સન્માન આપી તેની ભાવનાની કદર કરવી પડશે, ઉજ્જવળ ભવિષ્ય માટે ઉજળા ગુણ પણ કેળવવા પડશે, અને મારી જેમ કેટલીય મહિલાઓ જોયેલું સમાજનું આવું દોહરી માનસિકતા વાળું ચિત્ર બદલવુ પડશે. ત્યારે સાચે જ મહિલા દિવસ સાર્થક થશે! જય હિન્દ.

### લસ્ટ સ્ટોરીઝ ૨ના શૂટિંગ દરમિયાન બંને નજીક આવ્યા હતા

# લગ્નની અટકળો વચ્ચે તમન્ના-વિજય અલગ

તમન્ના ભાટિયા અને વિજય વર્માના લગ્ન નિશ્ચિત મનાતા હતા. સેલિબ્રિટી કપલે પણ લગ્ન કરવાના ઈરાદા અંગે જાહેરમાં વાત કરી હતી. લગ્નની અટકળો વચ્ચે તેમણે પરસ્પર સંમતિથી છૂટા પડવાનો નિર્ણય લીધો છે. તમન્ના અને વિજયમાંથી કોઈએ બ્રેક અપ અંગે ખુલાસો કર્યો નથી, પરંતુ નિકટના સૂત્રોના જણાવ્યા પ્રમાણે બંનેના રસ્તા હવે અલગ થઈ ગયા છે. ગત મહિને તમન્નાએ એક-બે વર્ષમાં લગ્ન કરીને ઠરીઠામ થવાનો ઈરાદો જાહેર કર્યો હતો. અચાનક જ તેમના સંબંધોમાં ક્યાં ખટાશ આવી તે અંગે માહિતી બહાર આવી નથી. સેપરેશન પછી પણ સારા મિત્ર રહેવાનો ઈરાદો તેમણે વ્યક્ત કર્યો છે. પોતાના સંબંધો અંગે જાહેરમાં એકબીજા પર માછલાં ધોવાની પણ તેમની ઈચ્છા નથી. વિજય-તમન્નાએ હાલના સમયે અટકળોનો જવાબ નહીં આપવાનું નક્કી કર્યું છે. અર્જુન-મલાઈકા અરોરાની જેમ તેઓ પણ પોતાના બ્રેકઅપ ની સીધી વાત કરવાના બદલે સાંકેતિક પોસ્ટ મૂકીને ખુલાસો કરે તેવીશક્યતા છે. ૨૦૨૩ના વર્ષમાં લસ્ટ સ્ટોરીઝ ૨ની રિલીઝ પહેલાં તેમણે ગોવામાં સાથે ન્યૂ યર સેલિબ્રેટ કર્યું હતું. તેઓ પોતના સંબંધો વિષે આ સમયે કંઈ બોલ્યા ન હતા, પરંતુ લોકો તેમને ઓળખી ગયા હતા. વિજય અને તમન્નાએ પ્રથમ વખત સુજોય ઘોષના ડાયરેક્શનમાં સાતે કામ કર્યુ હતું. લસ્ટ સ્ટોરીઝના શૂટિંગ દરમિયાન તેઓ નિકટ આવ્યા હતા. મહિનાઓના ડેટિંગ પછી જૂનમાં તમન્નાએ પોતાના સંબંધો સ્વીકાર્યા હતા. બાદમાં દરેક ઈવેન્ટ અન પોસ્ટમાં પણ તેઓ એકબીજા પ્રત્યે લાગણી વ્યક્ત કરતા હતા. તમન્નાએ લગ્ન કરવાનો ઈરાદો પણ જાહેર કર્યો હતો. અચાનક જ બંનેના સંબંધો જીવનસાથીના બદલે મિત્રતા સુધી મર્યાદિત થઈ ગયા તે અંગે રહસ્ય છે. તમન્ના ભાટિયા અને વિજય વર્માના બ્રેકઅપની ચર્ચા છેલ્લા ૨-૩ દિવસથી ચાલી રહી છે. બંનેએ ૨૦૨૨માં એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. બંનેની સુંદર કેમેસ્ટ્રી લોકોને ખુબ પસંદ આવે છે. ઈવેન્ટ્સમાં બંને પહોંચી અને પેપર્સને પોઝ પણ આપે છે. પરંતુ બંને વચ્ચે એવું તો શું થયું કે બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો? એ સવાલ બધાના મનમાં ત્યારથી ચાલી રહ્યો છે, જ્યારથી બંનેના બ્રેકઅપની ખબર સામે આવી છે. હવે બંનેના અલગ થવાનું કારણ સામે આવ્યું છે, જે ચોંકાવનારું છે. તમન્ના ભાટિયા અને વિજય વર્માને લઈ ડિસેમ્બર ૨૦૨૪માં ખબર આવી હતી કે, કપલ જલ્દી લગ્નના બંધનમાં બંધાશે અને લગ્ન બાદ બંને મુંબઈમાં ઘર લેશે અને પોતાના જીવનને ખુશીથી જીવશે. પરંતુ બ્રેકઅપની ખબરે આના પર પૂર્ણવિરામ લગાવી દીધું છે.



રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે, બંનેએ પોતાના સંબંધને ખતમ કરી દીધો છે અને મિત્ર બની રહેવાનો નિર્ણય લીધો છે. કારણ કે બંને વચ્ચે બ્રેકઅપ થયા બાદ આ બધું સામે આવ્યું છે. તમન્ના અને વિજય વચ્ચે દૂરી ત્યારે આવી જ્યારે વાત લગ્ન સુધી પહોંચી. રિપોર્ટ મુજબ, તમન્ના પોતાના ૩૦માં છે. ત્યાં જ વિજય સાથે લગ્ન માટે એક્સાઈટેડ હતી. ખબર મુજબ, આ જ બંને સ્ટાર્સ વચ્ચે વિવાદનું કારણ બન્યું અને ઘણી વખત અસહમતિના કારણે બ્રેકઅપ થઈ ગયું. 'લસ્ટ સ્ટોરીઝ ૨'ના કલાકારો અલગ થઈ ગયા છે. એક સૂત્રએ એન્ટરટેઈનમેન્ટ પોર્ટલને જણાવ્યું કે તેઓએ એકબીજા માટે પરસ્પર આદર અને પ્રશંસા જાળવી રાખી છે અને સારા મિત્રો રહેવાની યોજના બનાવી છે. સૂત્રએ કહ્યું, 'તમન્ના ભાટિયા અને વિજય વર્મા થોડા અઠવાડિયા પહેલા અલગ થઈ ગયા હતા, પરંતુ તેઓ સારા મિત્રો રહેવાની યોજના બનાવી રહ્યા છે. બંને પોતપોતાના કામમાં સખત મહેનત કરી રહ્યા છે.' જોકે, તમન્ના અને વિજયે હજુ સુધી આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી.

# પઠાણી લુકમાં રશ્મિકા સાથે ઈશ્ક લડાવતો સલમાન લાગ્યો સોહામણો






### આ પહેલા 'સિકંદર'ફિલ્મનું ટીઝર રિલીઝ થયું હતું, જેમાં સલમાન ખાન એક્શન અવતારમાં જોવા મળ્યો હતો

સલમાન ખાનની આગામી ફિલ્મ 'સિકંદર'નું પહેલું ગીત 'જોહરા જબીન' રિલીઝ થઈ ગયું છે. જેમાં અભિનેતા રશ્મિકા મંદાના સાથે રોમાન્સ કરતો જોવા મળ્યો હતો. બોલિવૂડના દબંગ સલમાન ખાન આ દિવસોમાં તેની ફિલ્મ 'સિકંદર' માટે સમાચારમાં છે. જેમાં તે સાઉથ સ્ટાર રશ્મિકા સાથે ઈશ્ક કરતો જોવા મળશે. બંનેની આ ફિલ્મ ઈદ પર રિલીઝ થશે. અને આ ફિલ્મનું પહેલું ગીત 'જોહરા જબીન'નું રિલીઝ થયું છે. જે ઘણી ચર્ચામાં રહે છે.સલમાન ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર ફિલ્મ 'સિકંદર'નું ગીત 'જોહરા જબીન' શેર કર્યુ છે. ગીતમાં, અભિનેતા પઠાણી લુકમાં ખૂબ જ ડેશિંગ લાગી રહ્યા છે. રશ્મિકા પણ કાળા રંગના પોશાકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. બંનેની શાનદાર કેમિસ્ટ્રીએ સ્ક્રીન પર આગ લગાવી દીધી છે. દરેક વ્યક્તિ આ કપલ પર પ્રેમ વરસાવી રહી હોય તેવું લાગે છે. આ ગીતને થોડા જ સમયમાં લાખો લાઈક્સ અને હજારો કોમેન્ટ્સ મળી છે.આ ગીત શેર કરતી વખતે સલમાન ખાને કેપ્શનમાં લખ્યું, 'જોહરા જબીન હવે બહાર..' રશ્મિકા અને સલમાન ખાનના આ ગીતને નકાશ અઝીઝ અને દેવ નેગીએ અવાજ આપ્યો છે. આ ગીતનો રેપ મેલો ડી દ્વારા લખાયો અને ગાયો છે. પ્રીતમે આ ગીતને પોતાના સંગીતથી સજાવ્યું છે. સલમાન અને રશ્મિકા પહેલીવાર સાથે સ્ક્રીન શેર કરવા જઈ રહ્યા છે. આ પહેલા 'સિકંદર'નું ટીઝર રિલીઝ થયું હતું. જેમાં સલમાન ખાન એક્શન અવતારમાં જોવા મળ્યો હતો. આ પણ દર્શકોને ખૂબ ગમ્યું. તમને જણાવી દઈએ કે સલમાન ખાન અને રશ્મિકાની ફિલ્મ 'સિકંદર' આ વર્ષે એટલે કે ૨૦૨૫ની ઈદ પર રિલીઝ થવા માટે તૈયાર છે. આ બંને ઉપરાંત, સત્યરાજ પણ ફિલ્મમાં એક મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન એઆર મુરુગાદોસ દ્વારા કરવામાં આવ્યું છે. આ પહેલા સલમાન ખાન ફિલ્મ 'ટાઈગર ૩'માં જોવા મળ્યો હતો.

# આશુતોષ ગોવારિકરના દીકરાના લગ્નમાં ઐશ્વર્યા અને અભિષેક સાથે જોવા મળ્યાં

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય વચ્ચે છૂટાછેડાની અટકળો કેટલાકસમયથીઅટકેલીછે.જાહેર કાર્યક્રમોમાં તેમના વર્તનના કારણે સેલિબ્રિટી કપલના લગ્નજીવનમાં વિખવાની અટકળોને વેગ મળ્યો હતો. બચ્ચન પરિવારમાંથી કોઈએ આ અટકળોને સમર્થન કે રદિયો આપ્યો ન હતો, પરંતુ જરૂર જણાતા અમિતાભ બચ્ચને સાંકેતિક પોસ્ટમાં ખુલાસો કર્યો હતો. બાદમાં ઐશ્વર્યા અને અભિષેક પણ આદર્શ દંપતિની જેમ સાથે જોવા મળ્યા હતા. તાજેતરમાં ફિલ્મ મેકર આશુતોષ ગોવારિકરના દીકરાના લગ્ન પ્રસંગે ઐશ્વર્યા અને અભિષેકે હાજરી આપી હતી અને તેઓ સતત એકબીજાની સાથે જોવા મળતા હતા. આશુતોષના દીકરાના લગ્ન નિમિત્તે યોજાયેલી ભવ્ય પાર્ટીના ફોટોગ્રાફ્સ વાઈરલ થઈ રહ્યા છે, જેમાં આઈવરી ડ્રેસમાં અભિષેક અને ઐશ્વર્યાએ આકર્ષણ જમાવ્યું હતું. તેમણે નવદંપતિ કોણાર્ક ગોવારિકર અને નિયતિ કનકિયા સહિત સમગ્ર પરિવારસાથે ફોટો સેશન કર્યુ હતું. સેલિબ્રિટી કપલે આશુતોષને ખૂબ ઉત્સાહથી શુભેચ્છા આપી હતી. આશુતોષ અને ઐશ્વર્યાએ સાથે પડાવેલો ફોટોગ્રાફ્સ બંને પરિવાર



વચ્ચેની નિકટતા દર્શાવતો હતો. ઈસ્કોનના હરિનામ દાસ પણ આ પ્રસંગે હાજર હતા. અભિષેક અને ઐશ્વર્યાએ બે હાથ જોડી તેમનું અભિવાદન કર્યુ હતું. ઐશ્વર્યાએ એથનિક સૂટ અને અભિષેક બંધ ગળાનો ડ્રેસ પસંદ કર્યો હતો.

# રિતેશ દેશમુખના પુત્ર સાથે આ સ્ટારકિડનો વીડિયો થયો વાયરલ

અભિનેતા રિતેશ દેશમુખ અને જેનેલિયાના બન્ને પુત્રો સોશિયલ મીડિયા પર ઓછા જોવા મળે છે. જોકે તેઓ જ્યારે પણ જોવા મળે છે ત્યારે હંમેશાં પાપારાઝીને નમસ્કાર કરતા અને ખૂબ જ શિસ્તમાં રહેતા જોવા મળે છે. ઘણીવાર અન્ય બાળકોના નખરા અને રિતેશના દીકરાઓની સરખામણી થાય છે અને દાદા મુખ્ય પ્રધાન અને માતા-પિતા આટલા સેલિબ્રેટેડ સ્ટાર હોવા છતાં તેઓ ખૂબ જ નમ્ર અને સંસ્કારી હોવાનું સોશિયલ મીડિયા પર કહેવાતું હોય છે.તાજેતરમાં જ રીતિકના દીકરાનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે ઑલ ઈઝ વેલ પર ડાન્સ કરતો જોવા મળે છે. તે ખૂબ ક્યૂટ લાગે છે. જોકે નેટીઝન્સની નજર તેની બાજુમાં ઊભેલી ક્યૂટ ગર્લ પર જાય છે. આ ગર્લ પણ એક સેલિબ્રિટીની જ છે. ફર્લવાળા પિંક ળોકમાં જે છોકરી મસ્ત એક્સપ્રેશન્સ આપી ડાન્સ કરે છે તે સોહાઅલી ખાન અને કુનાલ ખેમુની દીકરી છે. બન્ને બાળકો ખૂબ ક્યૂટ લાગી રહ્યા છે. સ્કૂલ ફંકશનનો વીડિયો હોય તેમ લાગી રહ્યું છે અને બાળકો પોતે જ ગીત ગાઈ પર્ફોમ કરી રહ્યા છે.સોશિયલ મીડિયા પર



સ્ટારકિડ્ટના ફોટા અને વીડિયો ઘણા જ વાયરલ થાય છે. ફેન્સને તે જોવા પણ ગમે છે. જોકે તાજેતરમાં અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા હુમલાઓ બાદ તેમણે તૈમૂર અને જેહના ફોટા વીડિયો ન લેવા અને વાયરલ ન કરવાની પાપારાઝીને સૂચના આપી છે, તો અભિનેતા આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે પણ દીકરી રાહાના ફોટા વીડિયો ન લેવા કહ્યું છે. આ બધા કિડ્સ સોશિયલ મીડિયામાં સ્ટાર બની ગયા છે અને તેમના વીડિયોને કરોડો વ્યુઝ મળે છે.

### 'અનુજા'ને એવોર્ડ ન મળી શક્યો

# ગુનીત મોંગાનું ઓસ્કારને વચન, અમે પાછા આવતા રહીશું




પ્રિયંકા ચોપરાએ પ્રોડ્યુસ કરેલી હિન્દી ભાષાની અમેરિકન શોર્ટ ફિલ્મને જ્યારે ૯૭મા ઓસ્કાર એવોર્ડમાં નોમિનેશન મળ્યું ત્યારે દેશ તો ખુશ થયો હતો પરંતુ અંતે આ ફિલ્મને એવોર્ડ મળ્યો નથી. આ કેટેગરીમાં ડચ ફિલ્મ 'આઈ એમ નોટ અ રોબો'ને એવોર્ડ મળ્યો હતો. આ પહેલાં બે ઓસ્કાર જીતેલાં ગુનીત મોંગા આ વર્ષે તો ન જીત્યાં પણ તેઓને આશા છે કે આ તો માત્ર તેમની સફરની શરૂઆત છે.ગુનીતે એવોર્ડ સેરેમની બાદ પોતાનાં ઈન્સ્ટાગ્રામ પર ઈમોશનલ પોસ્ટ લખી હતી. તેણે લખ્યું, "અમે અમારી શોર્ટ ફિલ્મ અનુજા સાથે ઈવેન્ટમાં ભાગ લીધો હતો, પરંતુ આ માત્ર શરૂઆત છે. જ્યાં સુધી અમે સપના જોવાનું અને તેને સાકાર કરવાનું ચાલુ રાખીશું, ત્યાં સુધી અમે પાછા આવતા રહીશું." ફિલ્મ સાથેના જોડાણને વાત કરતા ગુનીતે લખ્યું, "જે છોકરીઓ પરિસ્થિતિને તાબે થવાનો ઈનકાર કરે છે, તેમને આ ૨૨ મિનિટનો પ્રેમ પત્ર છે." ગુનીતે એવું પણ કહ્યું કે દિલ્હીના સલામ બાલક ટ્રસ્ટ દિલ્હીની મદદથી આ ફિલ્મ બની છે, જ્યાંથી લીડ રોલમાં રહેલી સજદા પઠાણને લેવામાં આવી છે.આ પોસ્ટમાં ગુનીતે આ ફિલ્મ પાછળ રહેલી ટીમની પણ નોંધ લીધી હતી. ખાસ તો પ્રિયંકા ચોપરા જોનાસ જેણે આ ફિલ્મને જીવંત બનાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. ફિલ્મ બનાવવા ઉપરાંત ગુનીત યુવાન છોકરીઓના આવાજને વાચા આપવા સજ્જ છે. તેણે લખ્યું, "સ્કીલ્સ, સ્ટ્રેન્થ અને સ્પિરિટ - આ છોકરીઓમાં બધું જ છે.

### મોહનલાલની પહેલી ફિલ્મ 'દૃશ્યમ' ૨૦૧૩માં રિલીઝ થઈ હતી

# મોહનલાલની 'દૃશ્યમ 3'નું રિલીઝ પહેલાં જ સૌથી મોટો બિઝનેસ કરવાનું લક્ષ્ય

મલયાલમ સુપરસ્ટાર મોહનલાલની પહેલી ફિલ્મ 'દૃશ્યમ' ૨૦૧૩માં રિલીઝ થઈ હતી. જિતુ જોસેફ દ્વારા ડિરેક્ટ થયેલી આ ફિલ્મમાં મોહનલાલ લીડ રોલમાં હતા. આ ફિલ્મ ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી યાદગાર અને આઈકોનિક થ્રિલર ફિલ્મ બની ગઈ હતી. દુનિયાભરના વિવેચકોએ પણ આ ફિલ્મને વખાણી હતી. પછી ૨૦૨૧માં 'દૃશ્યમ ૨' આવી પરંતુ કોવિડના કારણે દુનિયાભરમાં લોકડાઉન હોવાથી એમેઝોન પ્રાઈમ પર ફિલ્મ રિલીઝ કરવમાં આવી હતી. જ્યારથી આ ફિલ્મ આવી ત્યારથી લોકો 'દૃશ્યમ ૩'ની રાહ જોતાં હતાં, જે આ શ્રેણીની છેલ્લી ફિલ્મ હશે. મોહનલાલે અંતે ૨૦ ફેબ્રુઆરીએ ત્રીજા ભાગની જાહેરાત કરી દીધી છે. માત્ર ફિલ્મની જાહેરાતથી જ તે મલયાલમ સિનેમની ઐતિહાસિક ફિલ્મ બનશે તેવી ધારણાઓ થઈ રહી છે. જે રીતે આતુરતાથી આ ફિલ્મની રાહ જોવાતી હતી, તેના આધારે ટ્રેડ એક્સપર્ટ માને છે કે આ ફિલ્મને મલયાલમ સિનેમાના ઈતિહાસનું સૌથી મોટું ઓપનિંગ મળશે. જોકે, તેની પાછળ કેટલાંક ચોક્કસ કારણો જવાબદાર મનાય છે. આ ફિલ્મની ળેન્ચાઈઝી પોતે જ એક બ્રાન્ડ બની ગઈ છે. બીજું મલયાલમ સિનેમાં દેશની શ્રેષ્ઠ થ્રિલર ફિલ્મો બને છે, જેને દેશભરનાં લોકો માણે છે અને વખાણે છે. તેથી આ ફિલ્મ માટેની ઉત્સુકતા કમાણીમાં પરિણમે તેવી આશા છે.આ ફિલ્મ એવી છે, જેની રિલીઝ પહેલાં જ ઘણી મોટી હાઈપ ક્રિએટ થઈ ગઈ છે. તાજેતરમાં જ મોહનલાલની 'એલ૨ઈ: એમ્પુરાન' રિલીઝ થઈ છે, જે પ્રિથ્વી સુકુમારન દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે એને તે એ ફિલ્મમાં લીડ રોલ પણ કરે છે. દૃશ્યમ ૩ માટે થિએટરમાં એડવાન્સ બૂકિંગ અને નોન થિએટ્રીકલ રાઈટ્સ તેમજ વિવિધ ભાષાઓના અલગ અલગ રાઈટ્સથી મોટી આવકની શક્યતા છે.પહેલાંની ફિલ્મોની જેમ જ આ ફિલ્મમાં પણ મોહનલાલ સાથે મીના, અન્સિબા હસન અને એસ્થર અનિલ લીડ રોલમાં હશે.



# ગોવિંદાની ભાણી એક્ટ્રેસ રાગિનીએ ધર્માંતરણ કર્યું

ગોવિંદાની ભાણી અને એક્ટ્રેસ રાગિની ખન્ના અંગે છેલ્લા દિવસોમાં અફવા ઉડી હતી કે, તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો છે. આ સમાચારે ચાહકોને હેરાન કરી દીધા હતા. થોડા સમય બાદ એવી પણ માહિતી મળી કે, તણે ફરી હિન્દુ ધર્મ અપનાવી લીધો છે. હવે આ મામલે એક્ટ્રેસ રાગિની ખન્નાએ મૌન તોડ્યું છે. તેણે આ મામલે સ્પષ્ટતા આપતા કહ્યું કે, હું કટ્ટર હિન્દુ છું. ધર્માંતરણની અટકળો પર એક ઈન્ટરવ્યૂમાં રાગિનીએ રિએક્ટ કર્યુ છે. એક્ટ્રેસે જણાવ્યું કે, હું જીસસને માનું છું પરંતુ મેં ધર્માંતરણ નથી કર્યું. હું દર સન્ડે ચર્ચ જાઉં છું. હું માઉન્ટ મેરી જાઉં છું. હું મલ્ટી ફેથ પર્સન છું, પરંતુ મેં ક્યારેય ધર્માંતરણ નથી કર્યુ. હું જન્મથી પંજાબી છું. જ્યારે હું લગ્ન કરીશ ત્યારે કદાચ મારો ધર્મ બદલાઈ જાય. હું કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવા નથી માગતી. પરંતુ હું જીસસને પ્રેમ કરું છું. હું તેનામાં વિશ્વાસ કરું છું. એક્ટ્રેસે આગળ કહ્યું કે, મારા નાની ખૂબ જ ધાર્મિક હતા. તેઓ બ્રહ્મ મુહૂર્તમાં પૂજા કરતા હતા. તેઓ સાધ્વી હતા. તેમણે ભગવા ધારણ કર્યુ હતું. તેઓ એક્ટ્રેસ પણ હતા અને સિંગર પણ બન્યા. તેમણે સાધુના જેમ પોતાનું જીવન વીતાવ્યું. તેમના ઘરમાં કડક નિયમો હતા. તેમણે ખૂબ જ સાત્વિકતાથી અમને ઉછેર્યા છે. તેઓ અમારી ધરોહર છે. રાગિનીએ જણાવ્યું કે, ગોવિંદાના બંને બાળકો સાથે મારા ખૂબ સારા સંબંધો છે. અમે જ્યારે પણ મળીએ છીએ, ત્યારે સારી વાતો કરીએ છીએ. હું તેમની સફળતા માટે પ્રાર્થના કરું છું.



# અભિષેક કારણ વગર નેપોટિઝમનો શિકાર બન્યો છે



### અમિતાભ બચ્ચને અભિષેકની કલા અને તેના ડેડિકેશનની ખૂબ જ પ્રશંસા કરી હતી

બોલિવૂડના શહેનશાહ અમિતાભ બચ્ચન પોતાના પુત્ર અભિષેક બચ્ચનના વખાણ કરવાની એક પણ તક છોડતા નથી. બિગ બી અવારનવાર અભિષેક બચ્ચનની એક્ટિંગના વખાણ કરે છે. અભિનેતા અભિષેકએ ઘણી શાનદાર ફિલ્મો આપી છે. આ દિવસોમાં અભિષેક તેની આગામી ફિલ્મ બી હેપ્પીને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં અભિનેતા એક એવા પિતાની ભૂમિકા ભજવી રહ્યો છે જે તેની પુત્રીનું સ્વપ્ન પૂર્ણ કરવામાં વ્યસ્ત છે. બી હેપ્પી ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું હતું, જેને દર્શકોએ ખૂબ પસંદ આવ્યું છે. બોલિવૂડના શહેનશાહે પણ આ ફિલ્મના ટ્રેલરની પ્રશંસા કરી છે અને આ દરમિયાન તેમણે એમ પણ કહ્યું હતું કે, અભિષેક બચ્ચન કારણ વગર નેપોટિઝમનો શિકાર છે. એક પોસ્ટમાં અમિતાભ બચ્ચને અભિષેક બચ્ચનની કલા અને તેના ડેડિકેશનની ખૂબ જ પ્રશંસા કરી, જેમાં એક પોસ્ટ પર નેપોટિઝમ પણ વાત કરી હતી. તેમણે એક પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા લખ્યું હતું કે 'અભિષેક બચ્ચન કારણ વગર નેપોટિઝમનો શિકાર બની ગયો છે, જ્યારે તેની ફિલ્મગ્રાફીમાં સારી ફિલ્મોની સંખ્યા ઘણી વધારે છે.' આ પોસ્ટ પર બિગ બીએ લખ્યું કે, આ પોસ્ટ તેમના વિચારો અને લાગણીઓ સાથે પણ મેળ ખાય છે. અમિતાભ બચ્ચને જવાબ આપ્યો કે 'મને પણ એવું લાગે છે... અને માત્ર એટલા માટે નહીં કે હું તેનો પિતા છું.' બીજી પોસ્ટ પર અમિતાભએ અભિષેક બચ્ચનની અપકમિંગ ફિલ્મ બી હેપ્પીનું ટ્રેલર શેર કરતા વખતે લખ્યું કે તેને 'એક્સ્ટ્રા ઓર્ડિનરી' પણ કહેવાય. અભિષેક બચ્ચનની ક્વાલિટીના પણ વખાણ કર્યા. બિગ બીએ કહ્યું કે, આ ઈનક્રેડિબલ છે. આ સાથે તેમણે અભિષેક માટે લવ યૂ ભય્યુ પણ લખ્યું હતું.

# ઝાલોદ નગરપાલિકાના વેરા ભરપાઇ ન કરેલા બાકીદારોની વિગત મોટા બેનર સાથે ભરત ટાવર પર લટકાવવામા આવી

## અંદાજીત ૪૧ બાકીદારો પાસે ૨૧,૧૪,૫૦૦ ઉપરાંતનું લેણું નગરપાલિકાએ લેવાનું છે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ નગરના ભરત ટાવર પર નગર પાલિકા દ્વારા એક મોટું બેનર લટકાવવામા આવેલ છે. આ બેનરમા નગરપાલિકાનો જે વ્યક્તિનો વેરો ૫૧૦૦૦ ઉપરાંતનું બાકી છે તેવા બાકીદારોનુલિસ્ટલટકાવવામાંઆવેલછે.આબેનરમા અંદાજીત ૪૧ વ્યક્તિઓના નામ સરનામાના ઉલ્લેખ સાથે જે રકમ બાકી નીકળે છે તે દર્શાવવામાં આવેલ છે આ બેનર જોતા તેમાં ૫૧૫૦૦ ઉપરાંતના નગરપાલિકાના વેરા બાકી છે તેવા બાકીદારોના નામ દર્શાવવામાં આવેલ છે. નગરપાલિકામાં આ બાકીદારોના લેણા બાકી વિશે પૂછપરછ કરવામાં આવતા જાણવા મળેલ હતું કે આ બાકીદારો અંદાજીત ૧૦ વર્ષ ઉપરાંત થી નગર પાલિકાનો વેરો ભરતા નથી તેમજ આ બાકીદારોને કેટલીય વાર પાલિકાના કર્મચારીઓ ઉઘરાણી કરવા જતા હોય છતાંય તેઓ વેરો નથી ભરતા તેમજ આવા બાકીદારોને લેખીત નોટિસો પણ ફટકારવામાં આવેલ છે છતાંય તેઓ નગરપાલિકાનુ લેણું ભરતા નથી. નગરપાલિકાના બાકીદારોનુ લિસ્ટ બહુ મોટું છે પરંતુ હાલ તેઓએ જાહેર રીતે જેમના ૫૧૦૦૦ ઉપરાંતનો વેરો બાકી છે તેઓના નામ અને માંગણાની રકમ જાહેર રીતે લોકોને દર્શાવેલ છે. હવે આ બાકીદોરો જો આગામી સમયમાં નગરપાલિકાનો વેરો નહીં ભરે તો પાલિકા દ્વારા આવા બાકીદારોના નળ કનેક્શન કાપી નાખવામાં આવશે તેમજ કાયદેસર રીતે નિયમ મુજબ જે પણ કાર્યવાહી કરવાની થશે તેવી તમામ કાર્યવાહી આગામી સમયમાં કરવામાં આવનાર છે તેવું જાણવા મળેલ છે.

# ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા રહે તેવા આશય થી નવા ડસ્ટબીન મુકવામાં આવ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં રોડ રસ્તાની સફાઈ ખૂબ સુંદર રીતે કરવામાં આવી રહેલ છે તેમજ ઝાલોદ નગર વધુ સ્વચ્છ અને સુંદર બને તેવા સુંદર આશય થી નગરના વિવિધ વિસ્તારોમાં સ્ટીલના ડસ્ટબીન મૂકવાની શરૂઆત નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે.

આ ડસ્ટબીનમા લીલો કચરો અને સૂકો કચરો એમ બે બોક્સ મુકવામાં આવેલ છે. હાલ પાલિકા પાસે ૧૦ જેટલા સ્ટીલના નવા ડસ્ટબીન આવેલ છે તેને પાલિકા દ્વારા અલગ અલગ જાહેર ગણાતા વિસ્તારોમાં મૂકવામાં આવેલ છે આગામી સમયમાં હજુ ૯૦ જેટલા આવા ડસ્ટબીન આવનાર છે જેને દરેક વિસ્તાર અને ગલીઓમાં મૂકવામાં આવનાર છે જેથી જ્યાં ત્યાં ગંદકી ન થાય. ઝાલોદ નગરપાલિકાના ચીફ ઓફિસર હઠીલા સાથે ટેલીફોનીક વાતચીત કરતાં તેઓએ કહ્યું હતું કે પાલિકા નગરને સ્વચ્છ બનાવવા માટે કટિબદ્ધ છે આ કાર્યમા નગરજનો પણ પૂર્ણ સહકાર આપી નગરને સ્વચ્છ બનાવવાના મીશનમા જોડાય જો નગરના દુકાનદારો, જાહેર જનતા અને નગરજનો પૂર્ણ સહકાર આપશે તો ઝાલોદ નગર સ્વચ્છતામા પહેલો નંબર લાવી શકશે. નગરનને સ્વચ્છ અને સુંદર બનાવવાનનો સંકલ્પ નગરપાલિકા દ્વારા લેવામાં આવેલ છે અને આગામી સમયમાં સ્વચ્છતા મિશનમા હજુ પણ સુંદર કામગીરી કરવામાં આવનાર છે. મારું ઝાલોદ સુંદર તેમજ સ્વચ્છ ઝાલોદ, મારું ઝાલોદ આગવું ઝાલોદ જેવા સારા શિર્ષક હેઠળ સ્વચ્છતા અંગે નગરપાલિકા દ્વારા વધુ સુંદર કામગીરી કરી ઝાલોદ નગરને સ્વચ્છતા સર્વેક્ષણમા નંબર ૧ આવે તેવી કામગીરી કરવામાં આવનાર છે.

# ‘વિશ્વ મહિલા દિન’ ઉજવણી : અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા નમો શક્તિ વેબિનાર યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

‘વિશ્વ મહિલા દિન’ ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા નમો શક્તિ વેબિનારનું આયોજન કરાયું હતું. આ ઉજવણીમાં અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા અને શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિગપાલ સિંહ ચુડાસમાના ઉપસ્થિત રહ્યા હતા. મહિલા દિનની ઉજવણી સંદર્ભે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિગપાલ સિંહ ચુડાસમાના માર્ગદર્શનમાં યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન આપનાર અને અનેરી સિદ્ધિઓ પ્રાપ્ત કરનારી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ડીપીએસ બોપલ ખાતે આયોજિત આ ઉજવણીમાં સામાજિક કાર્યકર રૂઝાન ખંભાતા દ્વારા મહિલા સશક્તિકરણ વિશે વાત કરવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થિનીઓને સેલ્ફ ડિફેન્સનું મહત્વ સમજાવીને તેની ક્વિક ટેકનિક પણ શીખવાડી હતી.

આ વેબિનારમાં જિલ્લા (ગ્રામ્ય) પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી કૃપાબહેન જહા દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણીનું મહત્વ સમજાવી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરાઈ હતી. નમો શક્તિ વેબિનારમાં ૩૫૦ જેટલી વિદ્યાર્થિનીઓ પ્રત્યક્ષ જોડાઈ હતી. જ્યારે જિલ્લાની શાળાઓની ૨૫૦૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ વર્ચ્યુઅલ માધ્યમથી આ માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષિકાઓ તથા શાળાઓ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લા શિક્ષણ સમિતિના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચાયત હસ્તક ના આરોગ્ય કર્મચારી દ્વારા પડતર પ્રશ્નોને લઈ ઓફલાઇન ઓનલાઇન કામગીરીનો કર્યો બહિષ્કાર


તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૭ ।

તારીખ ૭ શુક્રવારથી રાજય ભરના તમામ આરોગ્ય કર્મચારીઓને ઓનલાઈન તેમજ ઓફલાઈન તમામ પ્રકારની આરોગ્ય સેવાઓનો બહિષ્કાર કરવાનું એલાન ગુજરાત રાજય ના આરોગ્ય કર્મચારી મહાસંઘે કર્યું છે એના અનુંસંધાનમાં આરોગ્ય કર્મચારીઓની મુખ્ય માંગણીમા ગ્રેડ પે અને પરીક્ષા મુક્તિની માંગણી લઈ ધાનપુર તાલુકા આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આજ રોજ ધાનપુર તાલુકા હેલ્થ ઓફિસ ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ બી પી રમણ ને આવેદન આપવા માં આવ્યુ.

# મહીસાગર જિલ્લાના ઉખરેલી અને બાબરોલ ગામે વોટરશેડ યાત્રા રથનું આગમન થયું

। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૭ ।

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના વોટરશેડ કમ્પોનન્ટ ૨.૦ બટકવાડા પ્રોજેક્ટ હેઠળ વોટરશેડ યાત્રા -૨૦૨૫ અંતર્ગત મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ઉખરેલી અને બાબરોલ ગામે વોટરશેડ યાત્રાનું આગમન થયું ત્યારે ખુબ જ હર્ષભેર ઉત્સાહ સાથે ગામમાં વાજતે ગાજતે સન્માન સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી, જિલ્લા પંચાયતના સભ્યશ્રી,તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતીમાં વોટરશેડ યાત્રા રથનું આગમન સાથે કાર્યક્રમ યોજાયો હતો.

# અમદાવાદ મંડળના આદરજ મોટી સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે બ્લોકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ખોડિયાર-ગાંધીનગર કેપિટલ-કલોલ રેલવે સેક્શનના આદરજ મોટી સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ સૂચિત બ્લોકને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

**રદ ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૬૯૨૦૭ ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમૂ ૯ અને ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૬૯૨૦૮ વરેઠા-ગાંધીનગર કેપિટલ મેમૂ ૧૦ અને ૧૧ માર્ચ ૨૦૨૫ ના રોજ રદ રહેશે

**પરિવર્તિતમાર્ગથીચાલનારીટ્રેનો**

૧. ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ સાબરમતીથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ ખોડિયાર-ગાંધીનગર કેપિટલ-કલોલને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

૨. ૦૯ માર્ચ ૨૦૨૫ ના રોજ યોગનગરી ઋષિકેશથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૨ યોગનગરી ઋષિકેશ-સાબરમતી યોગા એક્સપ્રેસ નિર્ધારીત માર્ગ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

૩.૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ દિલ્લી સરાય રોહિલ્લાથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૨૧૫ દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

૪.૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ વલસાડથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૯૫૯ વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ખોડિયાર-ગાંધીનગર કેપિટલ-કલોલને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

૫.૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ વડનગરથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૯૬૦ વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** અવલોકન કરી શકે છે.

# નવ રાષ્ટ્રોના મહિલા રાજદૂતો અને ઉચ્ચ આયુક્તોની યજમાની કરતું અદાણી ગૃપ

## આંતર રાષ્ટ્રીય મહિલા દિન પૂર્વે રાજદૂતોએ ખાવડા અને મુંદ્રાની મુલાકાત કરી ભારતના સ્વચ્છ ઉર્જા અને ઔદ્યોગિક ગતિવિધીની જાણકારી મેળવી







। અમદાવાદ, તા.૭ ।

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પૂર્વે એક વિશિષ્ટ અવસરની અદાણી ગૃપે યજમાની કરીને ગુજરાતના કચ્છના ખાવડા અને મુંદ્રામાં અદાણી જૂથના વિવિધ પ્રકલ્પોના સ્થળે દુનિયાના નવ રાષ્ટ્રોના મહિલા રાજદૂતો અને ઉંચ્ચ આયુક્તોના બનેલા પ્રતિનિધિ મંડળનું ભાતીગળ સ્વાગત કર્યું હતું. આ પ્રતિનિધિ મંડળે સ્વચ્છ ઉર્જા, આંતરમાળખું અને ઔદ્યોગિક વિકાસમાં ભારતની પ્રગતિને રસપૂર્વક નિહાળી તેની અલગ અલગ ગતિવિધીનો સાક્ષાત્કાર કર્યો હતો.

પશ્ચિમ ભારતના બંજર પ્રદેશ કચ્છના અંતરિયાળ ખાવડા વિસ્તારમાં ભારતની સૌથી મોટી રિન્યુએબલ્સ કંપની અદાણી ગ્રીન એનર્જી દ્વારા આકાર લઈ રહેલા દુનિયાના મહાકાય સ્વચ્છ ઉર્જા પ્લાન્ટની મુલાકાતથી આ પ્રતિનિધિ મંડળએ તેઓની કચ્છની મુલાકાતનો આરંભ કર્યો હતો. પેરિસના કદના પાંચ ગણા વિસ્તારમાં ફેલાયેલો ૩૦ ગિગાવોટની ઉત્પાદન ક્ષમતાનો નિર્માણાધિન આ સૌર અને પવન ઉર્જા પ્રકલ્પ સ્વચ્છ, સસ્તી અને ટકાઉ વીજળી પેદા કરવા સાથે ભારતની સતત વધતી રહેલી વીજળીની માંગને પહોંચી વળવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવશે. ખાવડામાં જટિલ કામગીરીની સારસંભાળ કરતા એનર્જી નેટવર્ક ઓપરેશન્સ સેન્ટર (ENOC) સહિત હાઈબ્રિડ સોલર-વિન્ડ પ્રોજેક્ટ સાથે ટકાઉ વિકાસ માટે સંકલિત અદ્યતન ટેક્નોલોજીને તેઓએ રસપૂર્વક નિહાળી હતી.

ભારતના સૌથી મોટા વ્યાપારી મુંદ્રા બંદરેથી દેશના લગભગ ૧૧% દરિયાઈ કાર્ગો અને કન્ટેનર ટ્રાફિકના ૩૩%ની હેરફેર થાય છે, વિવિધ દેશોના મહિલા રાજદૂતો અને ઉચ્ચ આયુક્તોએ વિશ્વના આગવી હરોળના ઉદ્યોગકારો દ્વારા રોકાણ થઈ રહ્યું છે તેવા અદ્યતન ઉત્પાદકીય કામકાજને આવરી લેતા મુંદ્રા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)માં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર (ઈએમસી)ની પણ પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. ભારતના ભાવિને આકાર આપવામાં મહિલાઓની વધતી ભૂમિકાને દર્શાવતી આ સુવિધાઓની આસપાસ કાર્યરત ભારતના ઔદ્યોગિક,આર્થિક અને ઉર્જા ક્ષેત્રોની કાયાપલટ માટે યોગદાન આપી રહેલા ઈજનેરો તેમજ મહિલા વ્યવસાયિકોને પણ આ મહિલા રાજદ્વારીઓ મળ્યા હતા. આ પ્રતિનિધિ મંડળમાં ભારત ખાતેના ઈન્ડોનેશિયાના રાજદૂત ઈના ક્રિષ્ણમૂર્તિ, લિથુનિયાના ભારત ખાતેના રાજદૂત ડાયેના મિકેવિસિને, ભારત ખાતેના મોલ્ડોવાના રાજદૂત એના ટેબાન, ભારત, રોમાનિયા, નેપાળ અને બાંગ્લાદેશના ભારત ખાતેના રાજદૂત સેના લતિફ, સિચેલસના ભારત ખાતેના ઉચ્ચ આયુક્ત લેલેટિઆના એકૌચ, ભારત ખાતેના લેસોથોના ઉચ્ચ આયુક્ત લેબોહેંગ વેલેન્ટાઈન મોકાબા, ઈસ્ટોનિઆના ભારત ખાતેના રાજદૂત મર્જે લુપ, સ્લોવેનિયાના ભારત ખાતેના રાજદૂત માટેજા વોડેબ ઘોષ તથા ભારત ખાતેના લક્ઝમ્બર્ગના રાજદૂત પેગી ફ્રેન્ટઝન જોડાયા હતા.

## વસ્ત્રાપુર હાટ, અમદાવાદ ખાતે બાગાયત ખેડૂત હાટનું આયોજન

# ૧૦થી ૧૨ માર્ચ દરમિયાન નાયબ બાગાયત નિયામક, અમદાવાદની કચેરી દ્વારા ત્રિદિવસીય ખેડૂત હાટનું આયોજન




। (માહિતી) ડાંગ, તા.૭ ।

નાયબ બાગાયત નિયામક,અમદાવાદ દ્વારા વસ્ત્રાપુર હાટ, અમદાવાદ ખાતે બાગાયત ખેડૂત હાટ -૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦થી ૧૨ માર્ચ દરમિયાન યોજાનાર ત્રિદિવસીય બાગાયત ખેડૂત હાટમાં રાજ્યભરના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, બાગાયાતદારો સહભાગી થશે. બાગાયત ખેડૂત હાટ -૨૦૨૫માં પ્રાકૃતિક બાગાયત ઉત્પાદનો, મૂલ્યવર્ધીત બાગાયતી પેદાશો, શહેરી ખેતીમાં ઉપયોગી સામગ્રીનું પ્રદર્શન અને વેચાણ સાથે સંકળાયેલા ખેડૂતો અને સંસ્થાઓ ભાગ લેશે. બાગાયત ખેડૂત હાટમાં રાજ્યના ખેડૂતો દ્વારા પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પન્ન થયેલ ફળ અને શાકભાજીનું વેચાણ, સામાન્ય રીતે પકવેલ ફળ અને શાકભાજીનું વેચાણ, મૂલ્યવર્ધીત બાગાયતી પેદાશો (જેવી કે જામ, જેલી, શરબત, અથાણાં, કેચઅપ વિગેરે), ગૃહ ઉદ્યોગ અંગેની ફૂડ પ્રોસેસિંગ મશીનરીનું નિદર્શન, શહેરી ખેતીમાં ઉપયોગી સામગ્રી ( કુંડા, રોપા, કોકોપીટ, સાધનો, ગ્રો બેગ વિગેરે)નું પ્રદર્શન અને વેચાણ યોજાશે. આ ઉપરાંત, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને બાગાયત કૃષિ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત, વિવિધ લાઈવ બાગાયતી પેદાશો પણ જોવા મળશે. સવારે ૧૦-૦૦ થી રાત્રિના ૦૯-૦૦ કલાક સુધી વસ્ત્રાપુર હાટ, અમદાવાદ ખાતે આ વેચાણ કમ પ્રદર્શન મેળો યોજાશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજનો દિવસ આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો છે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘભરાવાની જરૂર નથી કારણ કે પરિસ્થિતિ જલ્દી સુધરશે.પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુ:ખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. આજે વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયત્ન કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દરવાજા ખોલશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

**કર્ક (ડ,હ) :**
આજની સફળતા તમારા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો વ્યય થતો લાગશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ ને સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**તુલા (ર,ત) :**
આજે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારા અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો થઈ શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયત્ન કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લો કે તે ક્યારે પૈસા પાછા આપશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. રૉમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે.

# રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં સ્ટેશનો પર ભીડ નિયંત્રણને લઈને એક ઉચ્ચ સ્તરની બેઠક આયોજિત કરવામાં આવી, આ બેઠકમાં નીચે લખેલા નિર્ણયો લેવામાં આવ્યા છે

| અમદાવાદ, તા.૭ |

૧. ૬૦ સ્ટેશનો પર કાયમી બાહ્ય **waiting area:**

● ૨૦૨૪ ના તહેવારો દરમિયાન સ્ટેશનોની બહાર **waiting areas** બનાવવામાં આવ્યા હતા, જેમ કે સૂરત, ઉધના, પટના અને નવી દિલ્લીમાં ભારે ભીડને નિયંત્રિત કરી શકાઈ. યાત્રીઓને માત્ર ત્યારે જ પ્લેટફોર્મ પર જવાની પરવાનગી આપવામાં આવી જ્યારે ટ્રેન પ્લેટફોર્મ પર આવી ગઈ હોય.

● આ પ્રકારની વ્યવસ્થા પ્રયાગ ક્ષેત્રના નવ સ્ટેશનો પર મહાકુંભ દરમિયાન કરવામાં આવી હતી.

● આ અનુભવોના આધારે, અમે દેશભરના ૬૦ એવા સ્ટેશનો પર **permanent waiting areas** બનાવવાનો નિર્ણય લીધો છે, જ્યા વખતોવખત ભારે ભીડ હોય છે.

● નવી દિલ્લી, આનંદવિહાર, વારાણસી, અયોધ્યા અને પટના સ્ટેશનો પર પાયલોટ પ્રોજેક્ટ શરૂ થઈ ચુક્યા છે.

● આ વ્યવસ્થાથી અચાનક આવનારી ભીડને **waiting area** માં નિયંત્રિત કરી શકાશે અને યાત્રીઓને ફક્ત ટ્રેનના આવવા પર પ્લેટફોર્મ પર જવા દેવામાં આવશે, જેનાથી સ્ટેશન પર ભારે ભીડ ઓછી થશે.

૨. **Access control:**

● આ ૬૦ સ્ટેશનો પર સંપૂર્ણપણે પ્રવેશ નિયંત્રણ લાગુ કરવામાં આવશે.

● ફક્ત **confirm reservation** ટિકિટવાળા યાત્રીઓને સીધા પ્લેટફોર્મ સુધી જવાની પરવાનગી રહેશે.

● ટિકિટ વગરના યાત્રી અથવા વેઈટીંગ લિસ્ટ ટિકિટવાળા યાત્રી બાહ્ય **waiting area** માં રોકાશે.

● તમામ **unauthorised entry points** સીલ કરી દેવામાં આવશે.

૩. પહોળા ફુટ-ઓવરબ્રિજ **(FOB):**

● ૧૨ મીટર (૪૦ ફીટ) અને ૬ મીટર (૨૦ ફીટ) પહોળાઈવાળા બે નવા **standard** વી ફુટ-ઓવરબ્રિજ ડિઝાઈન કરવામાં આવ્યા છે.



● આ પહોળા **FOB** અને **ramp** મહાકુંભ દરમિયાન ભીડ વ્યવસ્થાપનમાં અત્યંત પ્રભાવશાળી સાબિત થયા.

● આ નવા પહોળા **FOB** ને તમામ સ્ટેશનો પર સ્થાપિત કરવામાં આવશે.

૪. **Cameras:**

● મહાકુંભ દરમિયાન ભીડ નિયંત્રણમાં કેમેરાઓની અગત્યની ભૂમિકા હતી.

● તમામ સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં દેખરેખ માટે મોટી સંખ્યામાં કેમેરા લગાવવામાં આવશે.

૫. **War rooms:**

● મોટા સ્ટેશનો પર ુદ્ધિ વિકસાવવામાં આવશે.

● ભીડભાડની સ્થિતિમાં તમામ વિભાગોના અધિકારી **war room** માં કામ કરશે.

૬. **New gene®aion communication equipment:**

● અતિઆધુનિક ડિઝાઈનવાળા ડિજિટલ કોમ્યુનિકેશન ઉપકરણ જેવા કે વૉકી-ટૉકી, ફ્હહ્હેહષ્ઠીદ્બીહં જઅજીદ્બ અને **caling system** ભારે ભીડભાડવાળા સ્ટેશનો પર લગાવવામાં આવશે.

૭. નવી **design** ના **ID card:**

● તમામ સ્ટાફ અને સેવારત કર્મચારીઓને નવી **design** ના **ID card** આપવામાં આવશે, જેનાથી ફક્ત અધિકૃત વ્યક્તિને જ સ્ટેશનમાં પ્રવેશની પરવાનગી મળશે.

૮. **Staff** માટે નવી ડિઝાઈનનો **uniform:**

● તમામ સ્ટાફને નવી ડિઝાઈનનો **uniform** આપવામાં આવશે જેથી કરીને કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં તેમને સરળતાથી ઓળખી શકાય.

૯. **Upgradation of station director** (સ્ટેશન નિદેશક) **post:**

● તમામ મુખ્ય સ્ટેશનો પર એક સિનિયર અધિકારીને સ્ટેશન નિદેશક બનાવવામાં આવશે.

● તમામ અન્ય વિભાગ **Station Director** ને રિપોર્ટ કરશે.

● **Station Director** ને નાણાંકિય અધિકાર આપવામાં આવશે જેથી તેઓ સ્ટેશન સુધારણા માટે તાત્કાલિક નિર્ણય લઈ શકે.

૧૦. ટિકિટના વેચાણની ક્ષમતા મુજબ :

● **Station Director** ને સ્ટેશનની ક્ષમતા અને ઉપલબ્ધ ટ્રેનો મુજબ ટિકિટ વેચાણને નિયંત્રિત કરવાનો અધિકાર આપવામાં આવશે.

## અમરેલીના લાઠી નજીક રીક્ષા અને બાઇક વચ્ચે ટક્કર થઈ

| (એજન્સી) અમરેલી, તા.૭ |

લાઠી તાલુકાના હાવતડ અને ઈંગોરાળા વચ્ચે ગત મોડી રાત્રે રીક્ષા અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. મૃતકોમાં બે પુરૂષ અને એક બાળકીનો સમાવેશ થાય છે. મૃતકોની ડેડબોડીને દામનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાલ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર લાઠી તાલુકાના હાવતડ અને ઈંગોરાળા ગામ વચ્ચે રીક્ષા અને બાઈક વચ્ચે ધડાકાભેર જોરદાર ટક્કર સર્જાઇ હતી. લીલીયા નજીક આવેલા ખારા ગામનો દેવીપુજક પરિવાર જગદીશભાઈ મોહનભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) દિનેશભાઈ મનુભાઈ વાઘેલા (ઉ.વ.૩૩) અને દિનેશભાઈની બે વર્ષની પુત્રી રાજલ ત્રણ સવારી બાઈકને દામનગર જવા નીકળ્યા હતા.

## હોળી નિમિતે એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવશે

| (એજન્સી) જામનગર, તા.૭ |

હિન્દુ ધર્મમાં જેનું સૌથી વધુ મહત્વ છે તેવા રંગોના પર્વ હોળી, ધુળેટીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે દ્વારકા જગત મંદિરમાં હોળી, ધુળેટી પર્વમાં ફૂલડોલ ઉત્સવની ધાર્મિક પરંપરા અનુસાર ઉજવણી કરવામાં આવતી હોય છે. આ ઐતિહાસિક અવસરના સાક્ષી બનવા માટે મોટી સંખ્યામાં લોકો દ્વારકા જતા હોય છે. આવા લોકોને અગવડતા ન પડે તે માટે જામનગર એસટી વિભાગ દ્વારા દ્વારકા ખાતે યોજાનાર ફૂલડોલ ઉત્સવ માટે જામનગર ખાતેથી એસ.ટી. વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. વધુમાં ૫૧ થી વધુ મુસાફરોના ગ્રુપ બુકિંગ પર નિયત વિસ્તારથી વતન મૂકવા સુધીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા વધુ ૩ જોડી હોળી અને સમર સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

| અમદાવાદ, તા.૭ |

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા હોળી અને ઉનાળા દરમિયાન તેમની યાત્રા માંગને પૂરી કરવાના ઉદ્દેશથી અમદાવાદ મંડળ થઈને વિશેષ ભાડા પર વધુ ૩ જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

૧. ટ્રેન નંબર ૦૪૭૧૪/૦૪૭૧૩ બાન્દ્રા ટર્મિનસ-બીકાનેર સ્પેશિયલ (અઠવાડિક) (૦૮ ફેરા)

ટ્રેન નંબર ૦૪૭૧૪ બાન્દ્રા ટર્મિનસ-બીકાનેર સ્પેશિયલ દર શુક્રવારે બાન્દ્રા ટર્મિનસથી ૧૬.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૪.૩૦ કલાકે બીકાનેર પહોંચશે. આ ટ્રેન ૭ થી ૨૮ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૪૭૧૩ બીકાનેર-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ દર ગુરૂવારે બીકાનેરથી ૧૫.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૩.૪૦ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૬ થી ૨૭ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, આણંદ, નડિયાદ, સાબરમતી, મહેસાણા, ભીલડી, રાણીવાડા, મારવાડ, ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, મેડતા રોડ, નાગૌર અને નોખા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૪૮૨૮/૦૪૮૨૭ બાન્દ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલ (અઠવાડિક) (૦૮ ફેરા)

ટ્રેન નંબર ૦૪૮૨૮ બાન્દ્રા ટર્મિનસ – ભગત કી કોઠી સ્પેશિયલ દર રવિવારે બાન્દ્રા ટર્મિનસથી ૧૦.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪.૩૦ કલાકે ભગત કી કોઠી પહોંચશે. આ ટ્રેન ૯ થી ૩૦ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૨૭ ભગત કી કોઠી – બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ દર શનિવારે ભગત કી કોઠી થી ૧૧.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૨૫ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૮ થી ૨૯ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, ઉધના, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ, પાલી મારવાડ અને લૂણી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, એસી ૩-ટિયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૩. ટ્રેન નંબર ૦૪૮૨૬/૦૪૮૨૫ બાન્દ્રા ટર્મિનસ – જોધપુર સુપરફાસ્ટ સ્પેશિયલ (અઠવાડિક) (૬ ફેરા)

ટ્રેન નંબર ૦૪૮૨૬ બાન્દ્રા ટર્મિનસ – જોધપુર સુપરફાસ્ટ સ્પેશિયલ બાન્દ્રા ટર્મિનસથી દર મંગળવારે ૧૧.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪.૦૦ કલાકે જોધપુર પહોંચશે. આ ટ્રેન ૧૧ થી ૨૫ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૨૫ જોધપુર – બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ દર સોમવારે જોધપુરથી ૧૭.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૯.૩૦ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૦ થી ૨૪ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, ઉધના, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ, પાલી મારવાડ અને લૂણી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટિયર અને સ્લીપર ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૪૭૧૪ નું બુકિંગ ચાલુ છે તથા ટ્રેન નંબર ૦૪૮૨૮ અને ૦૪૮૨૬ નું બુકિંગ ૮ માર્ચ, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનરૂપે ચાલશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

### ઈજાગ્રસ્તોને ઇડરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

## હિંમતનગર-ખેડબ્રહ્મા હાઈવે પર ટ્રક પાછળ જીપ ઘુસી જતા બેના મોત

| (એજન્સી) હિંમતનગર, તા.૭ |

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવે પર વડાલી પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં બેના મોત થયા છે. ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવે પર મુસાફરોથી ભરચક્ક ભરેલી કમાન્ડર જીપ ટ્રકની પાછળ ઘૂસી જતા ગોઝારો અકસ્માત સર્જાયો છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે જીપમાં સવાર ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હાઈવે પર અકસ્માત સર્જાતા ઘટનાસ્થળ લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. હાલ તો ઘાયલ થયા લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તેમજ પોલીસને જાણ કરવામાં આવી છે. ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થતા હાલમાં તેમને વડાલી તેમજ ઈડર રિફર કરવામાં આવ્યા છે. હાલમાં ૧૦૮ સહિત પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને ગોઝારા અકસ્માતને પગલે સ્ટેટ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. જીપમાં શ્રમિકો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઈડર તરફથી મજૂરીકામ પૂર્ણ કરીને પોતાના ઘરે જતાં મજૂરોને અકસ્માત નડ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વાહન અકસ્માતની ઘટનાઓમાં દરરોજ સામે આવતી રહે છે. અવારનવાર રોડ અકસ્માતમાં અનેક લોકોને મોતને ભેટી રહ્યા છે. તેમ છતાં પણ ઓવરલોડ મુસાફરો ભરીને ખાનગી વાહનો રોડ દોડતા જોવા મળતા રહે છે.

### ડાકોરના ઠાકોરની હોળીનું આવી ગયું શિડ્યુલ

## ડાકોરમાં તારીખ ૧૧ અને ૧૨ માર્ચના રોજ ડાકોર ફાગણોત્સવ-૨૦૨૫ નું આયોજન

| (એજન્સી) ડાકોર, તા.૭ |

દર વર્ષની જેમ ડાકોર ખાતે આવેલા સુપ્રસિધ્ધ રણછોડરાયજી મંદિર ખાતે ફાગણી પુનમ (હોળી) નિમિત્તે આ વર્ષે પણ પદયાત્રીઓ/ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવનાર છે. ત્યારે તેઓના રાત્રી રોકાણ સમયે મનોરંજન તેમજ ડાકોરના ઠાકોર એવા રણછોડરાયના ગુણગાન કરવા માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીનાં ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર – ખેડા દ્વારા ડાકોર મેળા દરમ્યાન "ડાકોર ફાગણોત્સવ - ૨૦૨૫" નામે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૧૧ અને ૧૨ માર્ચ ૨૦૨૫ દરમ્યાન થનાર છે. "ડાકોર ફાગણોત્સવ - ૨૦૨૫" નો બે દિવસ ચાલનારો વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ ડાકોરમાં મહુધા તરફથી આવતા ગાયોના વાડા વાળા રોડ એટલે કે રાધાકુંડ રોડ, માંગલ્ય વિલા (મુ.ડાકોર) સામે સાંજે ૦૭:૦૦ કલાકે શરૂ થશે. આ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર ગુજરાતના અને ખેડા જિલ્લાના ખ્યાતનામ કલાકારો અને કલાવૃંદો આવી રહ્યા છે જેઓ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાની કલા પ્રસ્તુત કરશે. સાથે જ, કાર્યક્રમની ખાસ ઉપસ્થિતી રૂપે ગુજરાતનાં સુપ્રસિદ્ધ લોક સાહિત્યકાર અને હાસ્ય કલાકાર સાંઈરામ દવે (તા.૧૧ માર્ચ), તથા ખ્યાતનામ લોક ગાયક ઉમેશ બારોટ (તા.૧૨ માર્ચ) પણ આ બે દિવસના કાર્યક્રમ દરમ્યાન પોતાની કલા રજૂ કરી ડાકોર ખાતે પધારેલ ભક્તજનોને ભગવાન રણછોડરાયજીની ભક્તિના રંગમાં રંગશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસ ડેરીના સિમેન સેન્ટરનું વર્ચુઅલ લોકાર્પણ કર્યું

| (એજન્સી) ગાંધીનગર, તા.૭ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના ડીસા તાલુકાના દામા ગામે બનાસ ડેરીના પ્રયાસોથી સ્થાપ વામાં આવેલા એક આધુનિક સિમેન પ્રોડક્શન યુનિટનું ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા વર્ચુઅલ લોકાર્પણ કર્યુ હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, જિલ્લાના ધારાસભ્ય કેશાજી ઠાકોર, અનિકેતભાઈ ઠાકર, પ્રવીણભાઈ માળી અને સ્વરૂપજી ઠાકોર આ વર્ચુઅલ લોકાર્પણમાં સહભાગી થયા હતા. પશુપાલકો માટે ઉચ્ચ વંશાવળી ધરાવતા અને વધુ દૂધ આપતા પશુઓ પેદા કરવાના હેતુથી આ મેક ઈન ઈન્ડિયા સિમેન સેક્સ સોર્ટીંગ મશીનથી બનાસકાંઠા જિલ્લામાં રખડતા ઢોરોની સમસ્યાનું નિરાકરણ થશે અને વધુ દૂધ ઉત્પાદન કરતા પશુઓ મળશે.

આ સિમેન સેન્ટરના ઉદ્દઘાટન પ્રસંગે વર્ચુઅલ સંબોધનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વિકસિત ભારતના નિર્માણમાં અન્નદાતાનું યોગદાન સૌથી મહત્વનું છે. ખેડૂતોના વિકાસ માટે રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય ગોકુલ મિશનના માધ્યમથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત પશુ ઓલાદો માટે મહારાષ્ટ્રથી સિમેન સેન્ટરનું કામગીરીની નવી ક્રાંતિની શરૂઆત કરી હતી.

ડીસાના દામા ખાતે જે સિમેન સેન્ટર કાર્યરત થઈ રહ્યું છે તેના કારણે પશુપાલકોને ખૂબ મોટો ફાયદો થશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાતમાં શરૂ થયેલી પશુપાલનની અનેક યોજનાઓના પરિણામે આજે ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ૧૧૯.૬૨ ટકાનો લાખ મેટ્રિક ટન વધારો થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસ ડેરીના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ડેરીની વિકાસયાત્રા અવિરત ચાલી રહી છે તેની પ્રસંશા કરી હતી. બનાસ ડેરી દૂધ સાથે અન્ય પ્રોડક્ટોનું ઉત્પાદન કરીને દૂધના વ્યવસાયમાં નવી ક્રાંતિ લાવી છે તેને પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બીરદાવી હતી. આ કાર્યક્રમને સંબોધન કરતા વિધાનસભાના અધ્યક્ષ અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતીય બનાવટનું સૌપ્રથમ સિમેન સંયંત્ર સેન્ટરનું કામ થઈ રહ્યું છે. ખેડૂતો માટેનું આ ક્રાંતિકારી કામ છે. ભારતની **NDDB** એ બનાવેલા મેક ઈન ઈન્ડિયાના આ સંયંત્ર માટે હું **NDDB** ના વૈજ્ઞાનિકોનો પણ વિશેષ આભાર માનું છું.

**વિશેષ** | લખતપિત દીદી વંદના સમારોહ: આ સખી મંડળની બહેનોની શૂન્યથી સફળતા સુધીની સંઘર્ષ અને સફળતાની કહાની ખરેખર મહિલા સશક્તિકરણનું ઉત્તમ દ્રષ્ટાંત પૂરવાર થયું

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આજે વાંસી બોરસીમાં યોજનાર કાર્યક્રમમાં ૩૩ જિલ્લાના સખી મંડળના સ્ટોલ પ્રદર્શનીમાં નવસારીના સહયાદ્રી સખી મંડળની પસંદગી

| (આલેખનઃ જિજ્ઞેશ સોલંકી) સુરત |

એક એવી મહિલાઓનું ગૃપ કે જે સખી મંડળમાં જોડાવા પહેલા ખેતી અને પશુપાલનનું કામ કરી સામાન્ય રીતે કુટુંબનું જીવન નિર્વાહ ચલાવતા હતા પરંતુ વર્ષ ૨૦૧૫માં સખી મંડળ ચાલુ કરી આજે મહિને ૮૫ હજાર અને વર્ષે ૧૦.૨૦ લાખની આવક કમાઈ અન્ય લાખો મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે. આજે તા. ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસે નવસારીના વાંસી બોરસી ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં લખપતિ દીદી વંદના સમારોહ યોજાવા જઈ રહ્યો છે ત્યારે સભા સ્થળે ગુજરાતના ૩૩ જિલ્લાના ૩૩ સખી મંડળના સ્ટોલની પ્રદર્શીની રાખવામાં આવી છે. જેમાં નવસારી જિલ્લામાંથી એક માત્ર ચીખલીના સોલધરા ગામના સહયાદ્રી સખી મંડળની પસંદગી થઈ છે જે સમગ્ર નવસારી જિલ્લા માટે ગૌરવની વાત છે. વડાપ્રધાનશ્રીની દીઘર્દ્રષ્ટીના કારણે ગામે ગામ સખી મંડળો શરૂ થતા બહેનો આર્થિક રીતે સક્ષમ બની અને સ્વમાનભેર જીવન જીવી રહી છે. સખી મંડળ દ્વારા ઘર આંગણે રોજગારી મળતા જીવન સ્તર ઊંચું લાવવામાં સફળતા મળી છે. શૂન્યથી સફળતાના શિખર સુધીની સંઘર્ષની કહાની જણાવતા ચીખલીના સોલધરા ગામના સહ્યાદ્રી સખી મંડળના પ્રમુખ અસ્મિતાબેન







અશોકભાઈ પટેલ ગર્વ સાથે જણાવે છે કે, ખરેખર અમે સખી મંડળનું નામ સહયાદ્રી રાખ્યું તે સાર્થક કરી બતાવ્યુ છે. સખી મંડળમાં જોડાવા પહેલા અમે વેલી ની જેમ હતા પરતું સખી મંડળમાં જોડાયા પછી હવે વૃક્ષની જેમ મજબૂત અડીખમ ઊભા છીએ.

આ પ્રવૃતિમાં જોડાયા પહેલા ગામની મહિલાઓ છૂટક મજૂરી કરી જીવન જીવતી હતી. છોકરાઓને ભણાવવા, આરોગ્યના ખર્ચા તથા ખેતી પણ સમયસર થઈ શકતી ન હતી. પરંતુ મંડળની બહેનો ભેગા મળી સખી મંડળ દ્વારા પ્રવૃતિ કરી આજે કમાણી કરી રહી છે. તેમના મુંઝવતા પ્રશ્નો હલ કરવામાં સફળતા મળી છે. જેના દ્વારા આત્મવિશ્વાસ વધ્યો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના એનઆરએલએમ દ્વારા અમારા મંડળને રીવોલ્વિંગ ફંડ રૂ. ૧૫,૦૦૦, કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ રૂ. ૫,૦૦,૦૦૦ અને કેશ ક્રેડીટ પેટે રૂ. ૨,૦૦,૦૦૦ની સહાય મળતા મધ, નાગલી પ્રોડક્ટ, આમળા કેન્ડી, ચીકુ ચિપ્સ અને હળદર પ્રોસેસિંગની શરૂઆત ગૃહ ઉદ્યોગ તરીકે કરી હતી. હું પોતે પણ મધ ઉછેરની પ્રવૃતિ કરૂ છુ. મંડળની ૧૦ બહેનો ઘરે જ બેસીને મધનું પેકેજિંગની કામગીરી, અથાણાં, નાગલીની પાપડી, આમળા કેન્ડી, ચીકુ ચિપ્સ તથા બાંબુની બનાવટો બનાવી રોજગારી મેળવે છે. બહેનોએ બનાવેલી વસ્તુનું રાષ્ટ્રીય કક્ષાના સરસ મેળા, પ્રાદેશિક મેળા, લોકલ મેળા તથા લોકલ માર્કેટમાં વેચાણ કરી વર્ષે રૂ.૧૦,૨૦,૦૦૦ની આવક મેળવીએ છે. રાજ્ય સરકાર દ્વારા જિલ્લા ક્ક્ષાનો આત્મા પ્રોજેક્ટ એવોર્ડ અને મધમાખી પાલનનો બેસ્ટ ફાર્મર એવોર્ડ પણ મળ્યો છે. બોક્ષ મેટર વડાપ્રધાનશ્રી મોદી નારીશક્તિના સન્માન માટે આવી રહ્યા છે તે સૌ મહિલા માટે ગૌરવની ક્ષણ આજે વડાપ્રધાનશ્રી મોદી આપણા નવસારીના આંગણે આવી રહ્યા છે ત્યારે સહયાદ્રી સખી મંડળના પ્રમુખ અસ્મિતાબેન પટેલ ખુશી વ્યકત કરતા જણાવે છે કે, સૌ સખી મંડળની બહેનો માટે આ ખુબ જ ખુશીનો દિવસ છે. અમારી મહેનત અને સરકારની મદદથી સખી મંડળની બહેનોએ જે સિધ્ધિ મેળવી છે તેને સન્માનવા માટે વિશ્વ મહિલા દિવસે જ વડાપ્રધાનશ્રી ખુદ અમારી પાસે આવી રહ્યા છે તેનાથી વધુ આનંદની કોઈ વાત હોય શકે નહી. અમે સૌ નારી શક્તિ વડાપ્રધાનશ્રીને આપણા નવસારીના આંગણે આવકારવા માટે ખૂબ જ ઉત્સુક છીએ.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

NRLM

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ)
દ્વારા આયોજિત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે





# લખપતિ દીદી સંમેલન

સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માન



માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્દહસ્તે

## ૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની સહાય

### લોકાર્પણ

**જી-સફલ**
૨ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને ૧૩ મહત્વાકાંક્ષી તાલુકાઓમાં અંત્યોદય પરિવારોની સ્વ-સહાય જૂથની મહિલાઓને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ અંતર્ગત નાણાંકીય સહાય માટેની યોજના

**જી-મૈત્રી**
ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાંકીય સહાય અને માર્ગદર્શન માટેની યોજના

### ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### અતિથિ વિશેષ

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી રાઘવજીભાઈ પટેલ**
માનનીય મંત્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત

**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રી, નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માનનીય મંત્રી (રા.ક.), આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત




તારીખ: ૦૮ માર્ચ, ૨૦૨૫
સમય: સવારે ૧૦.૩૦ વાગે
સ્થળ: વાંસી-બોરસી, તા. જલાલપોર, જિ. નવસારી